પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૧/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ માગસર વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૦૨૩


**સુવિચાર**

વ્યકિતના ઉન્નત વિચારોથી સમાજ અને દેશનું ઉત્થાન અને કલ્યાણ સધાય છે. યુકિત વ્યકિતની હોય છે અને શકિત સમાજની.


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭







## અમરેલીથી માતાનો મઢ, અમદાવાદ, ભાવનગર, રાજકોટ જતાં મુસાફરોનાં હિતમાં

# અમરેલીમાંથી નવી નકોર એસ.ટી. બસનું સાંસદે કરાવ્યું પ્રસ્થાન

**અમરેલી વિભાગમાં કુલ ૨૧ જેટલી નવી બસ ફાળવવામાં આવતાં મુસાફરવર્ગમાં ખૂશીનો માહોલ**

**અમરેલી-૬, સાવરકુંડલા-૫, બગસરા-૪, ધારી-૨, રાજુલા-૧, કોડીનાર-૧ અને ઉનાને ૧ બસ મળી**

**સાંસદે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીનો આભાર માન્યો**

**વિભાગીય નિયામક પી.પી. ધામા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા વિગેરે ઉપસ્થિત રહ્યા**









અમરેલી, તા. ૬

અમરેલીનાં સાંસદ નારણભાઈ કાછડીયા ધ્વારા અમરેલી ડેપો ખાતેથી ગુજરાત સરકાર ધ્વારા ફાળવાયેલ નવી બસોની શાસ્ત્રોક વિધિ સાથે પૂજા સહ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવેલ હતું. આ તકે સાંસદે જણાવેલ હતું કે, સલામત સવારે, એસ.ટી. અમારીના હેતુ સાથે લોકોની સુખાકારીમાં વધારો કરવા માટે

અનુસંધાન પાના ૬ ઉપર

### ચાવંડ ખાતે રહેતા ૭૫ વર્ષિય વૃધ્ધ સિકયુરીટી ગાર્ડને ઈજા કરી

## ગળકોટડી નજીક રાજકોટ-ભાવનગર હાઈવે ઉપર આવેલ લક્ષ્મી કોટેક્ષમાંથી રૂપિયા ૬૦૦ની લુંટ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી ધરી**

અમરેલી, તા. ૬

લાઠી તાલુકાના ચાવંડ ગામે રહેતા ગોરધનભાઈ જીવરાજભાઈ સાંયજા નામના ૭૫ વર્ષિય વૃધ્ધ છેલ્લા ત્રણ વર્ષથી ગળ કોટડી ગામ નજીક રાજકોટ-ભાવનગર હાઈવે રોડ ઉપર આવેલ લક્ષ્મી કોટેક્ષ નામના કપાસના

અનુસંધાન પાના ૬ ઉપર

### જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે એસપીનાં માર્ગદર્શનતળે કાર્યવાહી

## અમરેલી જિલ્લામાં સિરપનાં નામે નશાયુકત પીણાની પ્રવૃત્તિ કરતાં બાબરાનાં ઈસમની ''પાસા'' હેઠળ અટકાયત

**આરોપી મુળશંકર મણીશંકર તૈરૈયાને અમદાવાદની જેલ ખાતે મોકલી અપાયા**



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં સિરપનાં નામે નશાયુકત પીણાની પ્રવૃત્તિ કરતાં એક ઈસમની ''પાસા'' હેઠળ અટકાયત કરવામાં આવતાં સિરપનાં નામે નશાનું વેચાણ કરનાર શખ્સોમાં ફફડાટ ફેલાયો છે.

અમરેલીનાં પોલીસ અધિક્ષક હિમકરસિંહ મારફત ક્રાઈમ બ્રાન્ચે નશાયુકત સિરપનું વેચાણ કરનાર બાબરાનાં મુળશંકર મણીશંકર તેરૈયા વિરૂધ્ધ ''પાસા'' દરખાસ્ત તૈયારી કરીને જિલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ પોલીસ અધિક્ષક મારફત રજુ થયેલ દરખાસ્ત મંજુર થતાં એલસીબીએ આરોપીને અમદાવાદની મધ્યસ્થ જેલ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.


## જુગાર રમતા ૨ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૬

ધારી ગામે રહેતા હનિફભાઈ કાદરભાઈ બ્લોચ તથા ભુપતભાઈ બચુભાઈ વાળા (રહે. ગઢીયા, તા. ધારી), દિલુભાઈ ખોડાભાઈ ધાખડા, બાલુભાઈ ખોડાભાઈ ધાખડા, યુવરાજભાઈ જેતુભાઈ ધાધલ (રહે. માણાવાવ), મહેશ ઉર્ફે ભાભલુ બાલાભાઈ જેઠવા (રહે. ચલાલા), ફીરોજ દાદુભાઈ શેખ (રહે. વિજપડી , તા. સાવરકુંડલા) સાતેય જાહેરમાં તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૩૧,૧૦૦ તથા મોટર સાયકલ નંગ-૩ કિં.રૂા. ૮૦,૦૦૦ મળી કુલ રૂા. ૧,૧૧,૧૦૦ ના મુદ્દામાલ સાથે બે આરોપીઓ પકડાઈ જઈ તથા પાંચ આરોપી નાસી જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.






















## ધારીનાં એડિશ્નલ સેશન્સ જજની કોર્ટમાં કેસ ચાલી જતાં
# ચલાલાનાં આઈપીસી ૩૭૯(૨) સહિતની કલમનાં કેસનાં આરોપીનો નિર્દોષ છુટકારો

### આરોપી તરફે એડવોકેટ વનરાજભાઈ વાળા અને અશ્વિનભાઈ ચૌહાણે દલીલો કરી

ધારી, તા. ૬

આરોપી હાર્દિક નારણભાઈ ખેતરીયા રહે. ચલાલા પર ફરિયાદીએ ચલાલા પો.સ્ટે.માં આઈ.પી.સી. કલમ ૩૭૯(૨)(કે), ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એકટ ૧૩૫ વિગેરે મુજબનાં ગુન્હાની ફરિયાદ દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિરૂદ્ધ ચાર્જશિટ દાખલ કરવામાં આવેલ ત્યારબાદ ધારીનાં એડિશનલ સેશન્સ જજ એમ.એન. શેખ સમક્ષ કેસ ચલાવવામાં આવેલ અને ફરિયાદ પક્ષ દ્વારા કેસ સાબિત કરવામાં ઘણી લેખિતને મૌખિક પુરાવાઓ રજૂ કરવામાં આવેલા. જેમાં આ કેસમાં



આરોપી તર્ફે ધારીનાં સિનિયર એડવોકેટ વનરાજભાઈ એ. વાળા તથા અશ્વિનભાઈ કે. ચૌહાણ રોકાયેલા હતા. આ કેસમાં આરોપીનાં એડવોકેટ વનરાજભાઈ એ. વાળા



તથા અશ્વિનભાઈ કે. ચૌહાણની ધારદાર દલીલોને ધ્યાને લઈ ધારીનાં એડી. સેશન્સ જજ એમ.એન. શેખ દ્વારા આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે.

## ભારત સરકારનાં યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત
# અમરેલી જિલ્લાનાં તેજસ્વી યુવાનો માટે ૧૦ જાન્યુઆરીએ માય ભારત–વિકસિત ભારત@૨૦૪૭ ભાષણ પ્રતિયોગિતા યોજાશે

### યુવાનોને તેમના વિચારો શેર કરવા માટે એક પ્લેટફોર્મ આપવામાં આવશે

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાનાં તમામ વર્ગનાં યુવાનોને ભારતને વિકસિત રાષ્ટ્ર કેવી રીતે બનાવવું અને વિકસિત ભારત@૨૦૪૭નાં વિઝનને કેવી રીતે સાકાર કરવું તે અંગેના તેમના વિચારો શેર કરવા માટે ભારત સરકારનાં યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત એક પ્લેટફોર્મ પુરૂ પાડવાનો પ્રયાસ નહેરૂ યુવા કેન્દ્ર ધ્વારા કરવામાં આવેલ છે.

Viksit Bharat@ 2047 એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ૨૦૪૭માં આઝાદીના ૧૦૦માં વર્ષ સુધીમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવવાનું વિઝન છે. આ વિઝનમાં આર્થિક વૃધ્ધિ, સામાજિક પ્રગતિ, પર્યાવરણીય સ્થિરતા સહિત વિકાસના વિવિધ પાસાઓનો સમાવેશ થાય છે અને સુશાસન. આ વિઝનને સાકાર કરવામાં ભારતના યુવાનો મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. તેઓ ભારતમાં સૌથી મોટી વસ્તી વિષયક જૂથ છે અને તેઓ સંભવિત અને ઊર્જાથી ભરપૂર છે. વિકાસની પ્રક્રિયામાં યુવાનોને જોડવા માટે સરકારે ઘણી પહેલો શરૂ કરી છે જેમાં Viksit Bharat@ 2047 અભિયાન માટે યુવાનોના વિચારોનો સમાવેશ થાય છે.

ઉંમર : ૧૨મી જાન્યુઆરી ૨૦૨૪નાં રોજ ૧૫–૨૯ વર્ષ રહેશે.

થીમ/વિષય : MyBharat-Viksit Bharat@ 2047

ભાષા : ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી.

જિલ્લા કક્ષાએ વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર તથા સહભાગિયોને પ્રમાણપત્ર આપવામાં આવશે. રાજયકક્ષા–પ્રથમ પુરસ્કાર રૂા. ૧,૦૦,૦૦૦, દ્વિતિય પુરસ્કાર રૂા. ૫૦,૦૦૦, ત્રીજું પુરસ્કાર રૂા. ૨૫,૦૦૦. કાર્યક્રમની તારીખ ૧૦ જાન્યુઆરી અને સ્થળ–સમય : પ્રતાપરાય આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સવારે ૧૧:૩૦ વાગે.

રજીસ્ટ્રેશન માટે લિન્ક : રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૮ જાન્યુઆરી ૨૦૨૪.

વધુ વિગત માટે સંપર્ક કરો મો. ૯૭૫૮૧ ૪૩૬૫૧, મો. ૯૫૧૨૬ ૫૨૧૨૪, કાર્યાલય સરનામું : બહુમાળી ભગવન, ત્રીજો માળ સી વિંગ, રૂમ નંબર ૩૦૨.

# ખડ ખંભાળિયા, કેરિયાચાડ અને તરકતળાવ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ઉપસ્થિત રહેતા યુવા નેતા મનિષ સંઘાણી

અમરેલી, તા.૫

ભારત દેશને ૨૦૪૭માં વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના ભારત દેશને દુનિયામાં સર્વોપરી કરવાનાં લક્ષ સાથે ભારત વિકસિત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

જે આજ ખડ ખંભાળિયા, કેરિયાચાડ અને તરકતળાવ ખાતે પોહચી હતી. ત્યારે આઝાદી ૧૦૦ વર્ષ નવા ભારતના સંકલ્પ સાથે નીકળેલ ભારત વિકસિત સંકલ્પ યાત્રા માં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે આ યાત્રાના માધ્યમથી ગરીબો લક્ષી યોજનાઓ અને છેવાડાના માનવી સુધી મોદી સરકારની વિવિધ યોજના ઓ પોંહચાડવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તેમજ સરકારની મેળવેલ વિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજના



કીટનું વિતરણ કરવામાં આવેલું હતું. ત્યારે ગુજરાત વિધાસભાના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, અમર ડેરી અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલિયા, તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, તાલુકા પંચાયતના સદસ્યો અને લાલાવદર અને મોટા ગોખરવાળ ના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા : બે નવી એસ.ટી. બસ ફાળવવામાં આવતા લોકાર્પણ કરાયુ



રાજુલા, તા. ૬

રાજુલા–ભાવનગર રૂટ માટે બે નવી બસો ફાળવવા માટે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ રજુઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને બે બસો ગુજરાત માર્ગ વાહન વ્યવહાર દ્વારા ફાળ વવામાં આવી હતી તેનું લોકાર્પણ રવુભાઈ ખુમાણ અને બીજી બસનું ગૌરાંગભાઈ મહેતા ચેમ્બર પ્રમુખ આજરોજ બપોરે ૧ વાગે એસ.ટી બસ સ્ટેન્ડ ખાતે કરવામાં આવ્યું હતું તેમજ ટેલીફોનિક પત્ર દ્વારા મહુવા બગસરા રૂટની બસ બંધ છે તે ડેપો મેનેજર બગસરા એસ ટી નિયામક ધામાને કરવામાં આવી હતી. જેમાં દરેક શહેરીજનો ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ આગેવાનોની હાજરીમાં લીલીઝંડી આપી હતી.

આ તકે રવુભાઈ ખુમાણ, પરેશભાઈ લાડુમોર, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા, કાનાભાઈ ગોહિલ, જિલ્લા કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ, તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન અનિરૂદ્ધભાઈ વાળા, ભાજપ અગ્રણીઓ હરસુરભાઈ લાખણોત્રા, સાગરભાઈ સરવૈયા, ચિરાગભાઈ જોશી, વિપુલભાઈ લહેરી, કાનાભાઈ ભરવાડ, સંજયભાઈ વરૂ, મહેશભાઈ ટાંક, ઘેલાભાઈ ત્રિવેદી, દિલીપભાઈ વોરા, વિક્રમભાઈ શિયાળ, રાજેશભાઈ ઝાખરા, બકુલભાઈ વોરા, બાબુભાઈ મકવાણા મોરંગી, ગીરીશભાઈ જોશી, કિશોરભાઈ રેણુકા, સંજયભાઈ રાઠોડ, મનુભાઈ ધાખડા, જયંતીભાઈ જાની, ભાવેશભાઈ ગુજરીયા, ભરતભાઈ જોશી, જયરાજભાઈ ધાખડા, સુરેશભાઈ તારપરા તથા ડેપો મેનેજર જોષી સહિતના શહેરીજનો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાત દ્વારા
# લીલીયામોટા પંથકમાં ફરતા દીપડાને જંગલ વિસ્તારમાં મુકવાની માંગ થઈ

### ઈ–ધરા કેન્દ્રની અનિયમિતતા દૂર કરવી પણ જરૂરી

અમરેલી, તા. ૬

લીલીયા મોટાનાં ભાજપ અગ્રણી વિપુલ દુધાતે ધારાસભ્ય મહેશ કસવાલાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકાનાં મોટાભાગનાં ગામડાઓમાં હાલ દીપડાઓનો વસવાટ ધીમે ધીમે ખૂબ જ વધતો જાય છે. જેથી ખેતરોમાં વસવાટ કરતા મજુરોના પરિવારમાં ખૂબ જ ભયનો માહોલ છે અને રાત્રીના સમયે દીપડા ગામની અંદર આવી જાય છે. જેથી મજુર પરિવારો અને ગામડાના લોકો ખૂબ જ ભયના ઓથા હેઠળ જીવી રહ્યા



છે અને દિવસે તથા રાત્રીના સમયે ખેતી કરતા લોકો ખેતરોમાં જઈ શકતા નથી. જેથી લોકોના હિતમાં દીપડાઓને તાત્કાલિક પકડી જંગલ વિસ્તારમાં મુકવાની વ્યવસ્થા કરવાની માંગ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકામાં મામલતદાર કચેરી ખાતે આવેઈ ઈ–ધરા કેન્દ્રમાં છેલ્લા ૧૫ દિવસથી ૭/૧૨, ૮–અ તથા એટ્રીયઓ કાઢવાની પ્રક્રિયા અવાર નવાર બંધ હોય છે જેમાં ANYROR સર્વર રાજય કક્ષાએથી વારંવાર બંધ હોય છે. જેથી ગામડેથી આવતા અરજદારોનો સમય બગડે છે અને ધકકા ખાવા પડે છે જેથી ANYROR સર્વરમાં આવતો ઈસ્યુ તાત્કાલિક ધોરણે દૂર કરવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

## યુવક કોંગ્રેસનાં પ્રમુખ અજય શિયાળ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી કરી રજૂઆત
# રાજુલા–જાફરાબાદ તાલુકાનાં રેવન્યુ તલાટી મંત્રીઓ અને નાયબ મામલતદારની ખાલી જગ્યાઓ ભરવા માંગ

### રાજય સરકાર વ્યાજબી માંગ પૂર્ણ કરે તે જરૂરી

રાજુલા, તા. ૬

રાજુલા અને જાફરાબાદ બંને તાલુકાઓમાં ખેતીની સાથોસાથ ઔદ્યોગિક એકમો અને મીઠા ઉદ્યોગ પણ આવેલ છે જેનાં કારણે અહિયાં રેવન્યુ તલાટી મંત્રીઓ પાસે અન્ય વિસ્તાર કરતાં કામગીરી વધુ હોય છે. રાજુલા તાલુકામાં ૭૨ જેટલા ગામો આવેલા છે અહિયાં ૧૭ રેવન્યુ ગ્રુપ આવેલ છે અને મહેકમ મુજબ ૧૭ જગ્યાઓ છે જયારે તેની સામે હાલ ૬ રેવન્યુ તલાટી મંત્રી અહીંયા ફરજ બજાવી રહ્યા છે ૧૧જગ્યાઓ ખાલી પડી છે. તેનાં કારણે એક રેવન્યુ તલાટી મંત્રી પાસે ૨–૩ રેવન્યુ ગ્રુપનાં ગામો આપવામાં આવેલ છે. બીજી તરફ જાફરાબાદ તાલુકામાં મહેકમ મુજબ કુલ ૮ રેવન્યુ તલાટી મંત્રીની જગ્યાઓ છે જેની સામે હાલ ૨ જ રેવન્યુ તલાટી મંત્રી અહીંયા ફરજ બજાવી રહ્યા છે હાલ ૬ જગ્યાઓ ખાલી છે. આમ આ બંને તાલુકાઓમાં રેવન્યુ તલાટી મંત્રીની જગ્યાઓ ખાલી રહેવાનાં કારણે અન્ય રેવન્યુ તલાટી મંત્રીઓને વધારાની જવાબદારી સોંપવામાં આવેલ છે. તેનાં કારણે અરજદારો અને કચેરીનાં સમયસર કાર્યો થઈ શકતાં નથી. કારણ કે મોટા ભાગનાં રેવન્યુ તલાટી મંત્રી નોટિસ બજવણી, તપાસ, રોજકામ, પંચરોજ સહિતની ફિલ્ડ કામગીરીમાં જ વ્યસ્ત રહે છે જેનાં કારણે સમયસર કામગીરી થઈ શકતી નથી. રેવન્યુ તલાટી મંત્રીઓમાંથી નાયબ મામલતદાર તરીકે બઢતી થતાં રાજયનાં મોટાભાગનાં તાલુકાઓમાં રેવન્યુ તલાટી મંત્રીઓની જગ્યાઓ ખાલી પડેલ છે. જે માટે વહેલી તકે ભરતી પ્રક્રિયા હાથ ધરવાની માંગ સાથે મુખ્યમંત્રીને પત્ર લખ્યો હતો. આગામી દિવસોમાં સરકાર દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે કે નહીં તે તો આવનારો સમય જ બતાવશે.

# અમરેલી ખાતે ભાઈઓ અને બહેનો માટે સિનિયર સિટીઝન રમત સ્પર્ધા યોજાશે

અમરેલી, તા. ૬

વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સમગ્ર રાજયમાં ૬૦ વર્ષથી વધુની વયના ભાઈઓ અને બહેનો માટે વરિષ્ઠ નાગરિકો (સિનિયર સિટીઝન) રમત સ્પર્ધા યોજાનાર હોય તે અંતર્ગત અમરેલી ખાતે પણ સ્પર્ધાનું આયોજન થશે. ૬૦ વર્ષથી વધુની વયના ભાઈઓ અને બહેનો માટે એથ્લેટિકસ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ જેવી રમતોની સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધકો જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત વિકાસ કચેરી, અમરેલી ખાતેથી તા.૧૫ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં ફોર્મ મેળવી લેવા. વધુ વિગત માટે જિલ્લા રમત વિકાસ કચેરીના ટેલિફોન નંબર (૦૨૭૯૨) ૨૨૧૯૬૧ પર સંપર્ક કરવા અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. ગજેરાનાં માર્ગદર્શનતળે
# અમરેલી જિલ્લાનાં જુદા–જુદા વિસ્તારોમાં આંત્તરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં હોદ્દેદારોની વરણી

### જિલ્લા પ્રમુખ ડો. કિરીટ દેશાણી દ્વારા નિમણૂંક પત્ર એનાયત

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા દરેક તાલુકા વાઈઝ હોદ્દેદારોની વરણી કરવામાં આવેલી છે. જેમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અમરેલી જિલ્લાના અધ્યક્ષ ડોકટર દેશાણીના નેતૃત્વ હેઠળ દરેક તાલુકા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ હોદ્દેદારોની નિમણૂંકો કરવામાં આવેલી છે.

આ સાથે સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોકટર ગજેરા સૌરાષ્ટ્ર સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ, જિલ્લા કાર્યકારી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકીની હાજરીમાં સુંદર કાર્યક્રમ યોજવામાં આવેલો હતો. જેમાં કુંકાવાવ તાલુકા પ્રમુખ તરીકે મહેશભાઈ.વી, ગોંડલીયા (મુનાબાપુ ), ઉપપ્રમુખ તરીકે ભરતભાઈડી. ત્રિવેદી (ધર્મેન્દ્રભાઈ શાસ્ત્રી) ની નિમણૂંક કરવામાં આવેલ છે. જયારે નાની કુંકાવાવ કેન્દ્ર ખાતે પ્રમુખ જયેન્દ્રબાપુ નિરંજનની, ઉપપ્રમુખ અનિબાપુ નિરંજનની, મંત્રી હસમુખભાઈ આહીર, મહામંત્રી મયુરભાઈ વસાણીની વરણી કરવામાં આવેલ છે.

જંગર કેન્દ્ર ખાતે પ્રમુખ સમીરભાઈ રમણીકભાઈ નિમાવત, ઉપપ્રમુખ પરસોત્તમભાઈ ઢોલરીયા, મંત્રી કાનજીભાઈ છગનભાઈ વસાણી, મહામંત્રી પ્રવીણભાઈ મગનભાઈ વાજાની નિમણૂંક કરવામાં આવેલ છે.

આ સાથે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક એવા ડોકટર પ્રવીણભાઈ તોગડિયાના સ્વપ્ન મુજબ અમરેલી જિલ્લાના તમામ તાલુકા મથકોમાં સાપ્તાહિક હનુમાન ચાલીસા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા છે. જેમાં રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ બામટા, જિલ્લા કાર્યકારી અધ્યક્ષ મજબૂતભાઈ બસીયા તેમજ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ જિલ્લા કાર્યકારી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી દ્વારા તેઓની યાદી મુજબ જણાવવામાં આવેલ છે.

# અમરેલીમાં ગજેરા પ્રિમીયર લીંગ (GPL) ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ









શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા અમરેલીમાં તા.૬/૧/૨૦૨૪ થી તા.૭/૧/૨૦૨૪ ગજેરા પ્રિમીયર લીંગ (GPL) ક્રિકેટ ટૂર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં અમરેલી જિલ્લાની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિકના ખેલાડીઓની વિવિધ આઠ સ્કુલોમાંથી ક્રિકેટ ટીમોએ ભાગ લીધો હતો. આ ગજેરા પ્રિમીયર લીંગ (GPL) ક્રિકેટની ઓપનીંગ સેરેમની કાર્યક્રમ યોજાયો હતો. ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ જણાવ્યું હતું. કે સંસ્થા દ્વારા અનેક રમત સ્પર્ધા અને ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરી જિલ્લાની પાંગરતી પ્રતિભાને પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવી રહયું છે. ભવિષ્યમાં આ સંસ્થા બહેનોની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવા જઈ રહી છે. તે આ ટુર્નામેન્ટ દ્વારા સાર્થક કરી રહયાં છીએ તેમાં વિજેતા ટીમને રૂા.૧૧,૦૦૦ રોકડ ઈનામ, ટ્રોફી તથા તમામ ખેલાડીઓને મોમેન્ટો તેમજ રનર્સ અપ ટીમને ટ્રોફી, મેન ઓફ ધ મેચ અને મેન ઓફ ધ સીરીઝ ખેલાડીને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવશે. સારહિ યુથ કલબનાં પ્રમુખ અને અમર ડેરીનાં વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણીએ પ્રાસીગક ઉદબોધન કરતાં જણાવ્યું હતું. કે અમરેલી જિલ્લાનાં ખેલાડીઓમાં પ્રતિભા અને કૌવત છે તેને બહાર લાવવાં સંસ્થા સતત પ્રયત્નશીલ છે. તે બદલ સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા ધન્યવાદને પાત્ર છે. આ તકે સારહિ યુથ કલબનાં પ્રમુખ અને અમર ડેરીનાં વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, જાફરાબાદ માર્કેટયાર્ડનાં પ્રમુખ ચેતનભાઈ શિયાળ, આહિર સમાજનાં અગ્રણી જીતુભાઈ ડેર, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી, જયદેવભાઈ કોઠીવાળ, ધવલભાઈ રાજયગુરૂ, ભાવિનભાઈ પટોળીયા સ્કુલ અને કોલેજનાં પ્રિન્સીપાલઓ તથા સ્ટાફગણ વિશાળ સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ–બહેનો અને વાલીઓ આ પ્રસંગે ખાસ હાજર રહયા હતા. આ સંસથાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ આ ગજેરા પ્રિમીયર લીંગ (GPL) ક્રિકેટ ટુનામેન્ટમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા અને તમામ વિદ્યાર્થીઓ રમતગમતમાં ઉત્સાહપુર્વક ભાગ લે તેવી શુભકામના પાઠવી હતી.

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અન્ય બહારનાં દાતાઓનાં સહયોગથી

# અરે વાહ : સાવરકુંડલાનાં આંબરડી ખાતે શાળાનું આધુનિક મકાન તૈયાર

**ગામ કે શાળા સાથે લેવા-દેવા નથી તેવા મુંબઈ, ચેન્નઈ, હરિદ્વાર, દિલ્હી, સુરત સહિતનાં દાતાઓ મદદે આવ્યા**

**૧૦ મહિના પહેલા શાળાનાં પ્રમુખ દીપક માલાણીએ કરેલ સંકલ્પ નિયત સમયે સાકાર થયો**

**તમામ દાતાઓનાં નામની તકતી શાળાનાં મકાનમાં લગાવવામાં આવશે**

**આગામી ૧૨ જાન્યુઆરીએ શાળાનાં મકાનનો પ્રારંભ રાજકીય, સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં કરાશે**

આંબરડી, તા. ૬

સાવરકુંડલાના આંબરડી માધ્યમિક શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વતન પ્રેમીઓ તેમજ સમસ્ત ગ્રામજનોના આર્થિક સહયોગથી શ્રી આંબરડી માધ્યમિક શાળાના જર્જરિત ઓરડાઓ દૂર કરી એક આધુનિક બિલ્ડિંગ બનાવવાનું સ્વપ્ન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સેવ્યું હતું. જે



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આજે ૭ માસ જેવા ટૂંકા ગાળામાં તૈયાર થઈ જતાં હવે શાળાના ઉદ્‌ઘાટનની તડામાર તૈયારીઓ શરૂ ગઈ છે.

ગત તા. ૫ માર્ચ–૨૦૨૩ ના રોજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો એક અદભુત 'ન ભૂતો ન ભવિષ્યતિ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વતન પ્રેમીઓ તેમજ સમસ્ત ગ્રામજનોના આર્થિક સહયોગથી શાળાનું નવિનીકરણ શરૂ કરવામાં આવેલ. નવ નિર્મિત બિલ્ડિંગ માટે રૂા. ૧ કરોડ ૫૦ લાખ (દોઢ કરોડ) થી વધુ રકમના ખર્ચનો અંદાજ હતો. તમામે ખભે ખભો મિલાવીને કાર્યનો શુભારંભ કર્યો અને ૭ માસ બાદ આજે આ બિલ્ડિંગ આવનાર વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે એક ભેટ રૂપે તૈયાર છે.

આગામી ૧૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ઉદ્‌ઘાટન યોજાશે. જેમાં બિલ્ડિંગ ઉદઘાટન, દાતાઓનું સન્માન, વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ કૃતિઓ સહિત વિવિધ રંગારંગ કાર્યક્રમો યોજાશે.

હાઈસ્કૂલના નવિનીકરણ માટેના આર્થિક સહયોગમાં એવા લોકોનો પણ મહત્વનો ફાળો છે કે જેઓને સ્કૂલ, ગામ કે આ જિલ્લા સાથે કંઈપણ લેવાદેવા નથી તેવા મુંબઈ, ચેન્નઈ, બેંગલોર, હરિદ્વાર, દિલ્હી, સુરત, વ્યારા, અમદાવાદ અને બારડોલીના દાતાઓએ ૧૦ હજારથી લઈ ૧ લાખ ૧૧ હજાર સુધીની ધન રાશિ આપીને ૧૦ લાખ જેવી મોટી ધન રાશિ શાળાના વિકાસ કાર્યમાં અર્પણ કરી છે.


બહારના શહેરોમાંથી આવેલ અંદાજે ૧૦ લાખથી વધુ ધનરાશિ એકત્ર થયેલ છે તે તમામ રકમ મૂળ આંબરડી ગામના વતની અને શાળાના ભુતપૂર્વ વિદ્યાર્થી એવા મુંબઈસ્થિત DPB Pharmaceutics Ltd. ના ડાયરેકટર ભાવિન એમ. અજમેરાના રેફરન્સથી એકત્ર થયેલ છે. જે રકમ શાળાના વિકાસ કાર્યોમાં વાપરવામાં આવશે. આ તકે કેળવણી મંડના પ્રમુખ દીપકભાઈ માલાણી દ્વારા આ પ્રેરણાદાયી સેવા કાર્યને વધાવી ફંડ આપનાર તમામ દાતાઓનો આભાર વ્યકત કર્યો છે તેમજ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ખાસ નિમંત્રણ પણ પાઠવેલ છે.

---

### એસ.ટી.નાં નવા રૂટ શરૂ કરવાના બદલે જુના રૂટ બંધ

## ગારિયાધાર–રાજકોટ વાયા દામનગર લોકલ બસ બંધ કરી દેવાતા મુસાફરોમાં પ્રચંડ રોષ

**જાગૃત નાગરિકે વિભાગીય નિયામકને પત્ર પાઠવ્યો**



દામનગર, તા. ૬

ગારિયાધાર ડેપો મેનેજરના મનસ્વી વલણથી લોકોમાં નારાજગી. ભાવનગર વિભાગીય નિયામક કડક કાર્યવાહી કરે.

ભાવનગર વિભાગની ગારિયાધાર ડેપોની વર્ષો જૂના રૂટની ગારિયાધાર–રાજકોટ વાયા દામનગર, ઢસા, બાબરા, આટકોટ લોકલ બસ સવારે ૫ કલાકે ઉપાડતી બસમાં પૂરતા પ્રમાણમાં મુસાફરોથી એસ.ટી.તંત્રને સારી આવક મળે છે. આ બસ બાબરા, આટકોટ, રાજકોટ જવા માટે દામનગર–પંથકના ગામડાના લોકોને ખુબજ ઉપયોગી છે. દામનગરથી જ આ બસમાં કાયમ ૧૫ થી ૨૦ લોકો જતા–આવતા મુસાફરી માટે અત્યંત સરળતા રહે છે, પરંતુ ગારિયાધાર ડેપોના જવાબદાર અધિકારીના મનસ્વી વલણથી આ બસને એક મહિનાથી બંધ કરી દેવાતા દામનગર–વિસ્તારના લોકોમાં પ્રચંડ રોષ જોવા મળ્યો છે. એક બાજુ સરકાર નવી બસો લાવીને વિવિધ રૂટ પર ચલાવી રહી છે. હજુ એક દિવસ પહેલાજ મુખ્યમંત્રીએ અદ્યતન નવી બસોનું લોકાર્પણ કર્યું છે. ત્યારે ભાવનગર ડીવીજનના ગારિયાધાર ડેપો દ્વારા વર્ષો જૂના સારી આવક વાળા રૂટ બંધ કરાઈ રહ્યા છે. આ બસને શરૂ કરવા દામનગરના અતુલ શુકલે ભાવનગર વિભાગીય નિયામક ને રજુઆત કરી હોવાનું જાણવા મળ્યું છે.

---

## અમરેલી જિલ્લામાં સોમવાર અને મંગળવારે કમોસમી વરસાદની આગાહી

અમરેલી, તા. ૬

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને તા.૮ થી તા.૯ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ થવાની સંભાવના છે.આવા સમયે વાદળછાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને બાગાયતી પાકોની ખેતી કરતા ખેડૂતોને અમરેલી જિલ્લા બાગાયત વિભાગ દ્વારા પાકના રક્ષણ માટે તકેદારીનાં પગલા લેવા જણાવવામાં આવ્યું છે.

ખેડૂતોએ તકેદારીનાં પગલા માટે, ખેતરમાં તૈયાર થયેલ ફળ અને શાકભાજી સહિતના બાગાયતી પાકો ઉતારી લેવા તેમજ તૈયાર ખેત પેદાશો સલામત સ્થળે ખસેડી લેવા અથવા પ્લાસ્ટિક / તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું.કોઈ પણ રાસાયણિક / સેન્દ્રીય ખાતરો કે હોર્મોન્સ તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ આ સમય ગાળા પુરતો ટાળવો. વાદળ છાયું વાતાવરણ અથવા વરસાદ પછી તાત્કાલિક ભૂકી છારા જેવા રોગ લાગવાની શકયતાઓ છે જેના નિયંત્રણ માટે બગીચામાં અવલોકન કરતાં રહેવું અને જરૂર જણાય તો જૈવિક નિયંત્રણો અથવા કાર્બેન્ડેજીમ + મેન્કોજેબ અથવા હેકઝાકોનાજોલ ૫ ટકા અથવા થાયોફીનાઈટ મીથાઈલ અથવા ટેબ્યું સલ્ફર ૧૦૦૦ લીટર પાણીમાં ૧ કિલો / ૧ લીટર છંટકાવ કરવો તેમજ ચુચીયા જીવાતો કે મગિયા ઈયળનો ઉપદ્રવ જણાય તો પ્રોફેનો સાયપર ૪૦ + ૪ ઈ.સી. ૧ લીટર પ્રતિ ૧૦૦૦ લીટર પાણી મુજબ છંટકાવ કરવાની ભલામણ છે.

વધુ મહિતી માટે નાયબ બાગાયત નિયામક, બાગાયત કચેરી,ચક્કરગઢ રોડ,અમરેલી ખાતે રૂબરૂ તેમજ ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૮૪૪ પર સંપર્ક સાધવા, અમરેલી જિલ્લા નાયબ બાગાયત નિયામકએ એક યાદીમાં જણાવ્યું છે.

---

### અવાર–નવાર થતી અકસ્માતની ઘટના અટકાવવા માટે

## સાવરકુંડલાના સીમરણ વાડીથી જુના સાવર સુધીનાં માર્ગની પહોળાઈ વધારવી જરૂરી

**સીમરણનાં પૂર્વ ઉપસરપંચની ધારાસભ્ય સમક્ષ માંગ**

અમરેલી, તા. ૬

સાવરકુંડલાના સીમરણના પુર્વ ઉપસરપંચ ભરત ચાંડવડીયાએ ધારાસભ્યને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે,સીમરણ વાડીથી જુનાસાવર ગામ સુધી સિંગલ પટ્ટી રોડ ૩.૭૫ મીટરનો છે. જે સાવરકુંડલા અમરેલી નેશનલ હાઈવેથી સાવરકુંડલા રંઘોળા સ્ટેટ હાઈવે ને જોડતો રોડ અંદાજિત ૧૨ થી ૧૩ કિમી હોય. જે હાલ સિંગલ પટ્ટી રોડ છે.

જેનાં કારણે અવાર – નવાર અકસ્માત થાય છે. અને આ રોડ ઉપર ૨૦ થી ૨૫ ગામની અવર – જવર છે. આ રોડ હાલ સાંકડો હોવાથી અકસ્માતો વધે છે. જેનાથી રાહદારીઓનાં મોત થાય છે. જેથી કરીને આ રોડ ૫.૫ મીટર પહોળો બનાવવામાં આવે તો અકસ્માતનો ભય ટળે એમ છે.


આપના પાલતુ ઘોડાને ભુખ તથા પાચન સંબંધી લક્ષણો માટે તેમજ ઘોડામાં થતો પેટતોડાનાં રોગ માટે
૧૦૦% અસરકારક આયુર્વેદિક દવા મળશે
તેમજ વછેરા-વછેરીનાં વિકાસ માટે અસરકારક પાવડર મળશે
સંપર્ક કરો
શ્રી રાકેશભાઈ ખત્રી
મો. ૮૫૩૦૪ ૭૯૦૨૨ – અમરેલી

LED TV, હોમથીયેટર, પ્રોજેક્ટર, પ્રીન્ટર, CCTV, ટ્રીમર તેમજ બધા જ ઈલેક્ટ્રીક ડીવાઈસ રીપેરીંગ કરી આપીશુ
પ્રિસીસન ટેલીકોમ
દુ.નં.B-4, રોનક ટ્રાન્સપોર્ટની બાજુમાં, ડીવાઈન એમ.આર. આઈ. સેન્ટર ની સામે, ક્રોમા સ્ટોર ની પાછળ, જુના માર્કેટિંગ યાર્ડની અંદર, અમરેલી ફોન : ૨૩૦૯૪૦, મો.૯૮૨૫૧ ૭૬૧૬૩

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
જાન્યુઆરી ધમાકા ઓફર
પછી કહેતા નહીં કે અમે રહી ગયા....
ભાવ વધે તે પહેલા કાર બુક કરાવો
અને તમારા સપનાની કારનાં માલીક બનો...





CELERIO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦





શુધ્ધ ઘીના અડદીયા
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ ક્લોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
HONDA
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક





ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression fascino 125 Fi





SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
GO BIG GO XOOM
LED TAIL LAMP





DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

તમારો દરેક પ્રસંગ યાદગાર બનશે
ક્રિષ્ના ઈવેન્ટ
KRISHNA EVENT
અમરેલી • સુરત • મોરબી
• લોકડાયરો • લગ્નગીત
• હાસ્ય દરબાર ગરબા • પ્રાઈવેટ ઈવેન્ટ
• સંગીત સંધ્યા • રાસગરબા
• કોર્પોરેટ ઈવેન્ટ • બોલિવૂડ કોન્સર્ટ
દ્વારકેશભાઈ જોષી
99741 55535

## ફિલ્મી સફર (એક ઈતિહાસ)

**હિતેશ જોષી : ૯૪૨૭૭ ૩૦૫૦૬**

**પ્રકરણ-૧૬૬**

**માઈકલ હૈ.. તો સાઈકલ.. હૈ ..દિલ હૈ તો દિલદાર ભી હૈ 'ઓ મેડમ.. હર બાત મેરી ઉલ્ટી.. હર ઘાટ મેરી ઉલ્ટી તુમ ઠીક હી કેહતી હો મેડમ.. મે પાગલ હું'**




પ્રિય વાચક મિત્રો,

ઈસવીસન ૨૦૨૪ નાં વર્ષમાં આપ સર્વનું સ્વાગત છે, અને ૨૦૨૪ ની આપ અને આપના પરિવારને હાર્દિક શુભકામનાઓ છે. ૨૦૨૪ ની શરૂઆત ફિલ્મી સફરમાં આપણે કિશોર કુમાર અને શમ્મી કપૂરની ફિલ્મો સાથે કરીશું.

કિશોર કુમારને હિન્દી સિનેમા તે સમયે એક પાગલ તરીકે ઓળખતી હતી, અને કિશોર કુમારને તે બાબતે કદી ફરિયાદ કરી નથી કે તેમની અભિનય શૈલી કે ગાયન શૈલીમાં ફેરફાર કર્યો નથી, તેઓ પોતાની મસ્તીમાં જીવતા માનવી હતા, તેમની ગાયિકી તે સમયે તો ઠીક આજે પણ કોઈ ગાય શકે તેમ નથી, તેમની ફિલ્મોમાં તેમનો સ્વર ચાલતો, અમુક નિર્દેશક તેમને રફી સાહેબનો સ્વર પણ આપતા હતા, મતલબ કે કિશોર કુમારને ગાયક સમજતા જ ના હતા. પણ તેમ છતા કિશોર હિન્દી સિનેમામાં એક વર્ગ ધરાવતા હતા, જે તેમની ગાયિકી અને અભિનય જે એક અલ્લડ અદાથી રજૂ થતો, જેમાં હાસ્ય અને ગંભીરતા બધુંજ જોવા મળ તું તે તેમની ખાસિયત હતી, અને તેમનો ચાહક વર્ગ તેમને આ કારણોસર જ ચાહતો હતો. ચાહતમાં તો હિન્દી સિનેમાની નંબર વન અભિનેત્રી મધુબાલા પણ તેમને ચાહતા હતા. વાત કિશોર અને મધુબાલાની ફિલ્મથી શરૂ કરીયે.

મેહલો કે ખ્વાબ -મધુબાલાના ઘરનાં પ્રોડકશન મધુબાલા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આ ફિલ્મનું નિર્માણ થયું હતું. આ પ્રોડકશનમાં તેમણે ત્રણ ફિલ્મો બનાવી હતી, ૧૯૫૫ માં નાતા અને ૧૯૬૦ માં મેહલો કે ખ્વાબ અને ૧૯૬૨ માં પઠાણ જે તમામ સફળ રહી ના હતી. ૧૯૬૦ મધુબાલા માટે સફળ વર્ષ સાબિત થયું હતું, આ વર્ષે તેમણે અને કિશોર કુમારે લગ્ન પણ કર્યા અને આ વર્ષથી જ તેમની જન્મજાત હૃદયની બીમારીએ જોર પકડયું, ૧૯૬૦ બાદ તેઓ બીમારીમાં એટલા પટકાયા કે કિશોર સાથેનું હનીમૂન પણ બીમારી સાથે જ કર્યુ.

મધુબાલા હંમેશા પ્રેમ શોધતા રહ્યા, પણ એકંદરે નિષ્ફળ રહ્યા, કિશોર કુમારે તેમની દેખભાળ સારી રીતે કરી, પણ લગ્ન બાદ તેઓ લંડન હૃદય રોગની સારવાર માટે ગયા, ત્યાંના ડોકટરે કહ્યું કે તેમનું ઓપરેશન શકય નથી, તેમને સંતાન માટે પણ ના કહી દીધી, સાથે મધુબાલાને કોઈ તણાવ ના આવે તે રીતે રાખવા કિશોરને જણાવી દીધું હતું,

બન્ને મુંબઈ પરત આવ્યા, પણ મધુબાલા તેમની બીમારીના લીધે એક ખરાબ સ્વભાવના વ્યકિત થઈ ગયા હતા, કિશોર પણ તેમની સાથે જાજો સમય ફાળવી શકતા ના હતા, પણ તેમના ઈલાજ અને દેખભાળ માટે એક નર્સની વ્યવયસ્થા તેમણે કરી હતી. અંતિમ દિવસોમાં વહિદા અને ગીતા દત તેમની વધુ નજીક હતા, તેઓ ૧૯૬૬ માં તેમને લાગ્યું કે તેઓ ઠીક થઈ ગયા છે, અને રાજ કપૂર સાથે ફિલ્મની ઘોષણા કરી પણ તેઓ બીમારીથી છૂટી શકયા નહીં, તેમની વિશે વધુ વાત આગળ કરતાં રેહશું, આજે તેમની અને કિશોર કુમારની ફિલ્મ 'મહેલો કે ખ્વાબ' ની વાત કરીયે, મુહાફિજ હૈદરના નિર્દેશનમાં આનંદ બક્ષીના ગીતો અને એસ મોહિન્દરનાં સંગીતમાં પ્રદીપ કુમાર, કિશોર કુમાર, મધુબાલા, ચંચલ. કે. એન. સિંગ, ઓમ પ્રકાશ અને પ્રાણથી અભિનીત આ ફિલ્મ એવરેજ રહી હતી. ફિલ્મમાં કિશોર કુમારના રેપ સોંગમાં; 'યે હૈ જીવન કી રેલ' આજેપણ કિશોર દાનાં યાદગાર ગીતો પૈકીનું એક છે.

ગર્લ ફ્રેન્ડ-સત્યેન બોઝનાં નિર્દેશનમાં, કિશોર કુમાર, વહિદા રેહમાન, નાસિર હુસેન, બિપિન ગુપ્તા, લીલા મિશ્રા, ધુમાલ અને ડેસી ઈરાનીથી અભિનીત આ ફિલ્મનું સંગીત હેમંત કુમારે આપ્યું હતું, ફિલ્મનું ગીત સાહિર લૂધ્યાનવીએ લખ્યા છે, હવે જોવો ગીતના શબ્દો કિશોર કુમારે લખાવ્યા છે કે ખુદ સાહિરે લખ્યા છે, તે સમજવું મુશ્કેલ છે. આ મેડમ, હાર બાત મેરી ઉલ્ટી, તુમ ઠીક કેહતી હો મેડમ મે પાગલ હું, કિશોર દાનાં અસલી અંદાઝમાં આ ગીત બન્યું છે, જે ગીતને કિશોર સિવાય કોઈ ન્યાય આપી શકે નહીં. ફિલ્મ એક પ્રણય કથા પર આધારિત હતી પણ સફળ રહી ના હતી.

બેવકૂફ - આઈ.એસ. જોહરનાં નિર્દેશન અને નિર્માણમાં, કિશોર કુમાર, માલા સિંહા, આઈ. એસ. જોહર, લીલા ચિટનીસ, બિપિન ગુપ્તા, બાલ કલાકાર વિનોદ મેહરા, રમેશ સીપપી અને પ્રાણથી અભિનીત આ ફિલ્મનું સંગીત એસ. ડી. બર્મને આપ્યું હતું, અને ગીત મજરૂહ સુકતાન પૂરી એ લખ્યા છે, આર ડી આ ફિલ્મમાં સંગીત સહાયક હતા, ફિલ્મનું ગીત કિશોર કુમાર માટે જ લખાયું હોય તેમ લાગે છે, 'જેમ કે માઈકલ હૈ તો સાઈકલ હૈ' હવે વિચારો તે સમયે કોઈ હીરો કે ગાયક માટે જ ગીતનાં શબ્દો લખાતા હોય તે માત્ર કિશોર દા જ છે. આ તેમની સફળતા છે. બિપિનને સંતાનના થતાં તે એક વેશ્યા સાથે સંબંધ બનાવે છે, પણ તેની પત્ની પણ સંતાન આપે છે, બન્નેને સાથે રાખવા મુશ્કેલ છે, કિશોર અને પ્રાણ મોટા થાય છે, અને બન્ને એક જ યુવતી માલા સાથે પ્રેમ કરે છે, માલા કિશોરને ચાહે છે, અંતિમ દ્રશ્યોમાં બોકિસંગના દ્રશ્યો સમાવાયા છે, ફિલ્મ એક કોમેડી ડ્રામા હતી જે એવરેજ રહી હતી.




અપના હાથ જગન્નાથ-મોહન સાયગલના નિર્દેશન અને એસ. ડી. બર્મનના સંગીતમાં કિશોર કુમાર. સઈદા ખાન, નાસિર હુસેનથી અભિનીત આ ફિલ્મ તે સમયે શિક્ષિત યુવાનને નોકરી ના મળતી તે દર્શાવે છે, જે પરિસ્થતિ આજે પણ છે. કિશોર જાતે વેપાર કરી ધનવાન બને છે, અને પરિવારને બચાવે છે. તેવી કથાની ફિલ્મ સફળ રહી ના હતી.

કોલેજ ગર્લ-ટી પ્રકાશ રાવનાં નિર્દેશનમાં, બી. એલ. રાવલના નિર્માણમાં, શમ્મી કપૂર, વેજયંતી માલા, ઓમ પ્રકાશ, તબસૂમ, નાના પલસીકર, પુર્ણિમા, રણધીર, મોહન ચોટી લીલા મિશ્રાથી અભિનીત આ ફિલ્મ શંકર જયકિશનના સંગીત સાથે વેજયંતી માલા જે એક અલ્લડ યુવતીના પાત્રમાં જોવા મળે છે, આજે પણ અમુક પરિવારો યુવતીને વધુ શિક્ષા આપવા માંગતા હોતા નથી, પણ ૧૯૬૦ નાં સમયમાં આ પ્રમાણ વધુ હતું, વેજયંતીને પણ કોલેજમાં અભ્યાસ માટે મનાઈ કરવામાં આવે છે, છતાં તે પરિવાર સાથે સંઘર્ષ કરી કોલેજ જાય છે, ત્યાં શમ્મી સાથેની મુલાકાત પ્રેમમાં પરિવર્તિત થાય છે, અંતે ઘણા સંઘર્ષો બાદ બન્ને પ્રેમી એક થાય છે, તેવી નારી શકિતને ઉજાગર કરતી આ ફિલ્મ સફળ રહી હતી, આ ફિલ્મ નૃત્ય નિર્દેશિકા સરોજ ખાનની પ્રથમ ફિલ્મ હતી.

બસંત- બિભૂતિ મિશ્રાના નિર્દેશનમાં શમ્મી કપૂર, નુતન, મીનું મુમતાઝ, જહોની વોકર, કૂકું, મુરાદ અને પ્રાણથી અભિનીત આ ફિલ્મ આપી નૈયરના સંગીત સાથે સફળ રહી હતી. અમીર ઘરની યુવતી નુતન તેના પિતા તેના લગ્ન તેની સંમતિથી ના કરતાં હોવાથી ઘરેથી ભાગી જાય છે, અને સમાજની ગંદકી જેવા અસામાજિક તત્વોથી તેને શમ્મી બચાવે છે, જે અંતે પ્રણયમાં રૂપાંતરિત થાય છે, આ કથા અને શમ્મી અને નુતનની તાજગી ભરી જોડી દર્શકોને પસંદ પડી હતી, ફિલ્મ સફળ રહી હતી.

સિંગાપોર-શકિત સામંતના નિર્દેશનમાં શમ્મી કપૂર, પદ્મિની, શશિકલા, મારિયા, આગા, કે એન સિંગ, હેલેન અને મદન પૂરીથી અભિનીત આ ફિલ્મનું સંગીત શંકર જય કિશને આપ્યું હતું, ફિલ્મનું શૂટિંગ સિંગાપોરમાં થયું હતું, ફિલ્મ એક સસ્પેન્સ ક્રાઈમ સ્ટોરી હતી, શમ્મી તેની સંપતિ સિંગાપોરમાં છે તે વેચવા તેના મિત્રને મોકલે છે, તેનાં મિત્રને જાણ થાય છે કે હવેલીની નીચે ખજાનો છે, શમ્મી કોઈ સમાચાર ના મળતા સિંગાપોર જાય છે, ત્યાં તેનો મિત્ર ગુમ હોય છે, તે પોલીસ ને જાણ કરે છે, તે નર્તકી શશિકલાના સંપર્કમાં આવે છે, અને તેની બહેન પદ્મિની સાથે પ્રેમના બંધને બંધાય છે, શશિકલા અને કે એન સિંગ જે પદ્મિની અને શશિકલાનાં કાકાનાં પાત્રમાં છે, તે શમ્મી ને તેના જ ખૂનની જાળમાં ફસાવે છે, પણ અંતે શમ્મીની જીત થાય છે, ફિલ્મ સફળ ના રહી પણ દર્શકોને પસંદ જરૂર પડી હતી.

આગામી અંકમાં સુનિલ દતની ફિલ્મો સાથે મળીશું. આભાર.

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ-૪૩


## કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણું (OBESITY) ભાગ-૬

બે સપ્તાહથી આપણે વજન વધવાના કારણોની ચર્ચા કરીએ છીએ. જેમાં આપણે ખોરાક અને બેઠાડું જીવનથી વજન વધવાના કારણોની ચર્ચા કરી આજે અન્ય કારણો જોઈશુ.

**વધતી ઉંમર અને મેનોપોઝ :** ભારતીય લોકોમાં એવું જોવા મળે છે કે નોકરી-ધંધામાં સ્થાયી થયા પછી પુરૂષોનું અને ૧-૨ બાળકના જન્મ પછી સ્ત્રીઓનું વજન વધવા માંડે છે. આમ થવાનું મુખ્ય કારણ ઉતરોતર શારીરિક શ્રમમાં ઘટાડો થવા છતાં ખોરાકની ટેવોમાં અને એની કેલરીમાં ઘટાડો થતો નથી, એ છે. નાનપણમાં વધુ રમતગમત અને વધતા શરીરને ધ્યાનમાં લઈ વધુ ચરબી-પ્રોટીન અને કેલરીવાળા ખોરાકની જરૂર પડે છે. પરંતુ રમત-ગમત-વૃધ્ધિ બંધ થઈ ગયા પછી પણ વધુ ચરબીવાળો ખોરાક ભાવતો થઈ ગયો હોવાથી એ વધુ પ્રમાણમાં ખાવાનું ચાલુ જ રહે તો સ્વાભાવિક રીતે વજન વધવા લાગે છે. સ્ત્રીઓમાં પણ, સગર્ભાવસ્થા અને ધાત્રી અવસ્થા દરમ્યાન વધુ ચરબી અને કેલરીવાળો ખોરાક આપવામાં આવે છે. જો સ્ત્રી-બાળકની જરૂરિયાત કરતા વધુ ખોરાક આપવામાં આવે તો એ ચરબી તરીકે જમા થવા લાગે છે. સામાન્ય રીતે ગર્ભાવસ્થા દરમ્યાન સરેરાશ ૩-૪ કિલો ચરબી જમા થાય છે. જો બાળકને પુરતું સ્તનપાન કરાવવામાં આવે તો આટલું વજન સહેલાઈથી ઘટાડી શકાય છે. પરંતુ સ્તનપાન ન કરાવવામાં આવે કે ૬ મહિનાથી ઓછો સમય કરાવાય કે વધુ ચરબીવાળો ખોરાક ચાલુ રાખવામાં આવે તો ધાત્રી અવસ્થામાં પણ વજન વધવા લાગે છે. મોટાભાગના ઘરોમાં સગર્ભા અને ધાત્રી અવસ્થા દરમ્યાન સ્ત્રીઓનો શારીરિક શ્રમ ઘટે છે જે વજન વધારવા માટે અગત્યનો ફાળો આપે છે.




આ ઉપરાંત, જેમ ઉંમર વધતી જાય છે તેમ આરામના સમયે વપરાતી કેલરી ઘટતી જાય છે. દર ૧૦ વર્ષે આરામના સમયે વપરાતી કેલરીમાં ૫ ટકાનો ઘટાડો થાય છે. જેને પરિણામે એક સરખો ખોરાક ખાનાર યુવાન અને વૃધ્ધ વ્યકિતમાંથી વૃધ્ધ વ્યકિતના શરીરમાં વધુ કેલરી વપરાયા વગરની જમા થશે-જે ચરબી સ્વરૂપે સંઘરાઈને શરીરનું વજન વધારશે. વળી વૃધ્ધો પાસે વધુ ફુરસદનો સમય હોવા છતાં ચાલવા, તરવા કે રમત રમવાની પ્રવ્રુતિઓ તેઓ ઓછી કરે છે અથવા શારીરિક મર્યાદાને કારણે નથી કરી શકતા મેનોપોઝ ટાઈમ માં સ્ત્રૈણ અંતઃસ્ત્રાવોનું પ્રમાણ ઘટવાથી હાથ-પગ થાપાને બદલે પેટ ઉપર વધુ ચરબી જમા થવા લાગે છે. (પીસીઓડી અને મેનોપોઝનાં લેખમાં



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

આપણે વિસ્તારથી આ બાબતની ચર્ચા કરીશું.)

**વજન ઘટાડવા માટે શું કરવું ?**

ઓબેસીટીના લેખોની શરૂઆત કરી ત્યારથી વાચક મિત્રોના સતત ફોન અને મેસેજ આવે છે કે વજન ઘટાડવા શુ કરવું ? આ મેદસ્વિતા લેખમાળા લખવા પાછળનો મુખ્ય હેતુ જ એ હતો કે વજન ઘટાડવાની બાબતે લોકોમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓ દુર થાય અને વૈજ્ઞાનિક અને સાચી રીતે, શરીરને કોઈપણ જાતની નુકશાની



વગર કેમ વજન ઘટાડી શકાય અને એક વાર ઘટેલું વજન કેમ જાળવી શકાય તેનાથી માહીતગાર કરવા.

મારા આયુર્વેદ ચિકિત્સક તરીકેના ૨૯ વર્ષના અનુભવે મને એવું લાગ્યુ છે કે ૧૦૦ વ્યકિત વજન ઘટાડવા માટે પ્રયત્ન કરે તેમાંથી માત્ર ૧૦ વ્યકિત જ સાચી રીતે વજન ઘટાડી શકે છે એનું કારણ એવું છે કે આપણે એવા કોઈ નિષ્ણાંત પાસે વજન ઘટાડવાની સાચી રીત સમજયા નથી, મોટા ભાગે લોકો બીજા પાસેથી સાંભળેલી વાતોથી, સોશ્યલ મીડીયામાં આવેલા નુસ્ખાથી કે સગા-વહાલાએ કરેલા પ્રયોગોથી પોતાની મેળે જ વજન ઉતારવાના પ્રયોગો શરૂ કરી દેતા હોય છે અને પરીણામે શરૂઆતમાં(વોટર લેવલ ડાઉન થવાના કારણે) કદાચ વજન ઉતરે એવું બને અને પ્રયોગો બંધ કરતા પહેલા કરતા પણ વજન પાછું વધી જાય આવું મોટાભાગના લોકો સાથે થતું હોય છે.

વજન ઘટાડવા માટે અને ઘટી ગયેલું વજન જાળવી રાખવા માટે મને સૌથી અગત્યની બાબત લાગે છે મનનો નિશ્ચય, દ્રઢ મનોબળ, ધીરજ અને નિયમિતતા.

હાલમાં પોલીસ ભરતી છે તેની તૈયારીના ભાગરૂપે અખાડામાં સવાર-સાજ લગભગ ૧૫૦ જેટલા છોકરા-છોકરીઓ રનીંગ અને બીજી કસરત માટે આવે છે, જયારે-જયારે પણ ભરતી આવે છે ત્યારે આવા છોકરા-છોકરીઓની સંખ્યા અખાડામાં વધી જાય છે , આમાના મોટાભાગના દરવખતે હોય છે, આ છોકરાવ સાથે મે વાત કરી કે તમે આ તૈયારી જયારે ભરતી આવે છે ત્યારે જ કેમ કરો છો ? આ કસરત તો તમારે નિયમિત કરવાની જરૂર છે, આ સલાહ તે લોકોને પોલીસ ભરતી સુધી સારી લાગે છે, પછી જેવી પરીક્ષા પુરી થાય એટલે ધીમે-ધીમે આ અખાડાની ટેવ છુટી જાય છે, જેને લીધે પરીક્ષામાં સાતત્યપુર્ણ દેખાવ નથી કરી શકતા. આવુ જ વજન ઘટાડવાની દવા લેવા વાળાનું હોય છે, આરંભે શુરાની જેમ જયારે વજન ઘટાડવાનું શરૂ કરે એટલે બધુ જ કરવા માંડે, ધીમે-ધીમે તેમાંથી બધુ છુટતું જાય અને સરવાળે હતા ત્યા ને ત્યા.

મેદવૃધ્ધિના દર્દી અને એના ડોકટર માટે સૌથી જટિલ કોયડો હોય તો એ કે આવા દર્દીનું વજન કાયમી ઘટાડવા માટે શું કરવું ? ઘણા મેદવૃધ્ધિનાં દર્દીઓ બે-ચાર ઉપવાસ કરીને એકાદ અઠવાડીયામાં બે-ચાર કિલો વજન ઘટાડી નાખવા સમર્થ હોય છે પરંતુ આ રીતે અચાનક ઘટાડેલું વજન એટલી જ ઝડપથી પાછું વધી જાય છે.

જો વજન કાયમી ઘટાડવું હોય તો ઉપવાસ નહી પણ ખોરાકમાં લાંબા ગાળાના પરિવર્તનો જ મદદરૂપ થઈ શકે.

આવતા સપ્તાહે વજન ઘટાડવા માટેના ખોરાકની ચર્ચા કરીશું.

**કહેવતમાં આરોગ્ય :** (૧) અલ્પાહારી સદા સુખી (૨) અન્ન પારકું છે પણ પેટ કંઈ પારકું નથી (૩) ઊંઘ અને આહાર વધાર્યા વધે ને ઘટાડયા ઘટે (૪) થોડું ખાઈએ તો સુખ ઉપજે, વધ ડોકટર લઈ જાય (૫) અલ્પાહાર એ હંમેશનો અપવાસ છે.

# સમજણ એ જ નારાયણ

**''રણઝણ વાગે જયાં મંજીરા હૈયે ઉમટે નરસિંહ-મીરાં'' - મુકેશ દવે**

અમરેલી જિલ્લાની જમીન સાહિત્ય અને કલા માટે તો કાયમ ફળદ્રૂપ જ રહી છે ! આ સમગ્ર જિલ્લા અને શહેરમાં સાહિત્યને લગતી કલને લગતી અનેકવિધ પ્રવૃત્તિઓનો કાયમ ધમધમાટ અને થનગનાટ રહે છે ! તાજેતરમાં બહુ ટૂંકા સમયમાં જ આવા ગરિમામય ઉપક્રમોમાં હાજર રહેવાનુ સદ્ભાગ્ય સાંપડયુ-દરેક પ્રસંગે વિશેષ આનંદ થયો, તેની ટૂંકમાં વાત કરવી છે.



**યોગેશ ભટ્ટ**
**(બી.એ.એલ.એલ.બી.)**
**મો. ૯૯૨૪૦૧૩૪૬૪ - અમરેલી**

પ્રથમ પ્રસંગ રમેશ પારેખ સાહિત્ય વર્તુળ-અમરેલી દ્વારા આયોજિત 'કવિવર રમેશ પારેખ એવોર્ડ'ની શરૂઆત કરવામાં આવી અને પ્રથમ જ એવોર્ડ તા. ૨૭/૧૧/૨૩(ર.પા.નાં. જન્મદિને) પૂ. મોરારિબાપુએ જેમને ધૂણાનાં કવિ કહ્યાં છે એવા પ્રિયકવિશ્રી સંજુભાઈ વાળાને તેમનાં સત્વશીલ સર્જન માટે એવોર્ડ અર્પણ કરાયો, ડો. દલપત પઢિયારજી, સમીરભાઈ ભટ્ટ વિ.ની પ્રેરક ઉપસ્થિતિએ હાજર સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા. ત્યારે સંજુવાળાનો જ શેર સાંભરે..

''પાર ઉતરવું છે એ નક્કી છે, સામે કાંઠુ તું છે એ નક્કી છે,
રંગમાં વીંટી મ્હેક વ્હેંચે છે, તું ખરો સમજું છે એ નક્કી છે.''

બીજો પ્રસંગ તા.૯/૧૨/૨૦૨૩નાં રોજ કવિ મુકેશ દવેનાં કાવ્ય સંગ્રહ 'એક જણ જીવી ગયો'નાં પ્રાગટયોત્સવ પ્રસંગમાં હાજર રહેવાનું સદ્ભાગ્ય સાંપડયું. કવિ મુકેશ દવેનાં આ પ્રથમ કાવ્ય સંગ્રહનાં વિમોચનમાં કવિશ્રી મનોહર ત્રિવેદી, શ્રી દોસ્તભાઈ બ્લોચ, સંજુ વાળા, અરવિંદ ભટ્ટ, ડો. વર્ષાબેન પ્રજાપતિ અને રમેશ પારેખ સાહિત્ય વર્તુળ તથા ગણમાન્યવ્યકિત વિશેષોની પ્રેરક ઉપસ્થિતિમાં, કવિ સંમેલનનાં સથવારે એક સુંદર, સુગંધી ઉપક્રમ રચાયો. કવિ મુકેશ દવે મીલનસાર અને સાવ હળવાફુલ વ્યકિતત્વનાં મળવા-માણવા જેવા કવિ છે. તો વળી મારા પુત્ર રાજભટ્ટને પણખ કવિની રચના 'એવું તો કંઈ ભાળી બેઠાં, અંતરને અજવાળી બેઠાં' ગાયન સ્વરૂપે રજૂ કરવાની તક મળી સૌનો આભાર.

ત્રીજો પ્રસંગબાલકૃષ્ણ દવે સાહિત્ય સભા ચિતલ દ્વારા લોક સાહિત્યકાર બાલકૃષ્ણ દવે એવોર્ડની શરૂઆત કરવામાં આવી.

છેલ્લા એક દાયકાથી લોક સાહિત્યસેતુની રચના કરી, કલાકારોને સ્ટેજ આપી રહેલાં આદરણીય શ્રી મહેન્દ્રભાઈ જોશી(પૂ. મનુદાદા)ને તા. ૧૨/૧૨/૨૦૨૩નાં રોજ પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડ, નિરંજન પંડયા, ભકિતરામ બાપુ, દાનબાપુની જગ્યાથી પધારેલાં લઘુમહંતશ્રી તથા અન્ય ગુણાનુરાગી જનોની ઉપસ્થિતિમાં પૂ. મનુદાદાનાં પોખણાં થયાં. લોકસાહિત્યને જીવંત, ધબકતું રાખવા કાયમ દોડતાં પૂ. દાદાનું સન્માન એ તેમના અવિરત પ્રયત્નોનું જ સન્માન ગણાય.

ચોથો પ્રસંગ ગદ્ય સાહિત્ય સભા-અમરેલી દ્વારા આયોજિત કબીર ટેકરી સાવરકુંડલાનાં મહંત શ્રી નારાયણ સાહેબનાં ૪૪માં પ્રાગટય દિવસે ' અવસર અવતરણનો' કાર્યક્રમમાં તા.૧/૧/૨૪નાં રોજ હાજર રહી અનેરી દિવ્યતા ભવ્યતા માણવાનું સાક્ષી બનાયું, સેવા, શિક્ષણ અને સમાજ કલ્યાણ માટે કાયમ તત્પર રહેતાં નારાયણ સાહેબની પ્રેરક ઉર્જા, અને કાર્યશૈલી સૌ કોઈને નવો રાહ દર્શાવે છે.

તો ઘનશ્યામદાસ બાપુ, કરસનદાસ બાપુ, ગીતાબેન ગીડા તથા અન્ય મહાનુભાવોએ પ્રેરક વકતવ્યો, આશીર્વાદ આપ્યાં. સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે સુધીરભાઈ મહેતાનાં વાર્તા સંગ્રહ 'ખોરડું'નું પણ વિમોચન થયું

**નવનીત : ભાવ એનો જ પૂછાય છે, જે કાયમ પોતાનું મૂલ્ય જાળવી રાખે છે.**

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**હવે પ્રકાશનાં પંથે**

આ લખતા મને લાગે છે કે પ્રભુનો
પ્રસાદ મળે છે
સૌ સૃષ્ટીનાં જીવને પ્રેમનો પ્રસાદ
વહેચું છું.
ફુલ ડાળીએ કુંપળ ફુટી ધારા છલકી
રહી પ્રેમની
ક્રોધ કર્યો છે જેને જેને પ્રેમ પ્રગટી
રહયો હૃદયમાં
મિત્ર માનું સૌને મારા ભાવ પ્રકાશે
હવે હૃદયમાં

આ વિષય ઉપર સહજ ભાવે જે મનમાં પ્રગટે તે લખવાનું નકકી કર્યુ છે. નાના પ્લોટમાં બહુમાળી મકાન બતાવવાનું છે તેથી થોડા શબ્દોમાં ઘણું ઘણુ લખવાનું બાકી રહી જાય તો ક્ષમ્ય ગણી અધ્યાહારનો મર્મ સમજી લેજો દુનિયાનાં ડાહયા માણસોથી કહયું છે. કે પ્રસન્નતાનું રિમોટ આપણા હાથમાં છે. આપણું નિત્યક્રમ જીવન અને કાર્ય પ્રભુને સાથે રાખી કરવાની હૃદયમાં શુભ ભાવો જરૂર પ્રગટ રહેશે.

શાંતિ, મૈત્રી અને પ્રેમ એ મારા લખાણમાં સતત આવશે. કારણ કે તમામ ચિંતા, દ્રેષ અને ક્રોધ આપણને બેચેન બનાવે છે. તેનું આ ઔષધ છે. જગતનાં તમામ પ્રશ્નોનો ઉકેલ સત્ય-પ્રેમ- દયા અને મૈત્રી ભાવમાં છે. હું તો મનું છું કે પૃથ્વીપર વસતા તમામ માનવો પ્રેમથી સાથે રહે - યુધ્ધ - બંધ થઈ જાય.

જેની સાથે સંબંધો તંગ થાય ત્યારે સમજવું કે પ્રેમની ઈશ્વરની ગેરહાજરી છે. મનની શાંતિ માટે સ્વાર્થ અને સંકુચિત માનસ ધીમે ધીમે વિચાર કરી દુર કરજો.

આપણે ગમે તેવા હોઈશું તો પણ ભગવાન આપણો સ્વીકાર કરશે પરંતુ જયાં સુધી અહી જગતમાં છીએ



**ડો. ધીરજકુમાર વ્યાસ**
**મો. ૯૪૨૭૭ ૪૪૨૫૧ (એડવોકેટ)**
**બગસરા**

ત્યારે સૌની સાથે સુંદર સંબંધો, સુંદર પ્રેમભાવ રાખી જીવનને સાર્થક કરવાનાં માર્ગે વાળવાનું છે.

પ્રગતિનાં પ્રકાશના માર્ગે આગળ જવા મનમાં દ્રેષ, ઈર્ષ્યા, બદલાની ભાવનાને દુર કરી સદગુણનાં માર્ગે ચાલવાનું છે. દોષોને દુર કરી બીજાનાં સુખ માટે પ્રયત્ન કરવાથી પ્રકાશનું પહેલું કિરણ પ્રાપ્ત થયાનો અનુભવ થશે.

આપણું જીવન એક પુષ્પ સમાન... કળીમાંથી મ્હોરેલું ફુલ... આ ફુલ ખીલશે... સુંગધ આપશે... પણ આ જ ફુલ બીજીવાર નહી ખીલે અતિ સુંદર આ ફુલ સમય કાળની થપાટો ખરી પડશે સદાને માટે....! ક્ષણિક જિંદગીની અનુભૂતિને મેઘધનુષ્યનાં રંગો ફેરવી નાખીએ સદાકાળ માટે ધીરે ધીરે પ્રકાશનાં પંથે આગળ વધતા બે-ત્રણ સુંદર કવિતાઓ વાંચીએ શ્રી ઉમાશંકર જોશીનું કાવ્ય દેશવટે : ''આશ્ચર્ય મોટું મુજને, ઠગાઈ આ હંસલો ઘટ મહી ઝટ શે પુરાયો ? ન જાણશો કે ડરૂં જિન્દગીથી.

જેને જનો કલહ નામ દઈ નવાજે.
થોડી સૌ મર્ત્યને ભમવું જન્મથી મૃત્યું
ચાવત..
હું મૃત્યુથી જનમનો નવપથ શોધું.
ભમ્યાં કર્યુ છે. વળી ને ભમીશ
પૃથ્વી પરે દેશવટે ગયા સમો.''

'ધ્વનિ' કાવ્ય સંગ્રહ -રાજેન્દ્ર શાહનું
કાવ્ય :
પ્રવેશ (આયુષ્યનાં અવશેષો)
ભર્યુ ઘર હતું તેના સુના રજોમય
પ્રાંગણે
લઘુક ગઠડી મુકી આયુષ્યના
અવશેષની,
ત્યહી, ધુમ્મસથી છાએલા તે
વિષણ્ણ ઉજેશની
ટશર ગગને લાગી, જાગી દિશા
અનુકંપને
ખબર પુછતાં મોટેરા જે જીવંત
રહયાં જુજ,
નજર કરી કામે લાગી જતી
વહુવારૂઓ.
કુતુહલ થકી પ્રેર્યા આવી વળ્યાં કંઈ
બાળકો,
ક્ષણ ભસી પછી શ્વાને સુંઘી લીધા
ચરણો મુજ
મુખથી ઉઘડયાં તાળા દ્વારે કર્યુ જરી
કુંદન,

''કવિ રવીન્દ્રનાથ ટાગોરની 'સપ્તપણી માંથી અનુવાદક જયંત મેઘાણી ''જન્મ-મૃત્યુની જોડલી જીવન ધારણ કરે છે. ચાલતાં ચાલતાં જેમ એક પગ ઉપડે છે. તેમ બીજા ભોંય પર મુકાય છે.।''

ઈશ્વરની હાજરીનો અનુભવ કવરા ફુલો જુઓ. આકાશનાં તારા જુઓ ઉડતાં પક્ષીઓ - અને બાળકોનું નિર્દોષ હાસ્ય જુઓ જયાં જયાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની 'દેહની ભીતર સતત ધબળતા હયદનો ધ્વનિ સાંભળો, અદ્દભૂત છે.

આ સૃષ્ટિ અને તેનો કર્તા... હવે પ્રકાશનાં પંથે વળવા ઈશ્વરની હાજરીનો અહેસાસ કરવાથી માર્ગ બદલાઈ જશે.

# રામ ચલે બન પ્રાણ ન આહી, કેહિ સુખ લાગિ રહત તનુમાહી ।

## અહૈતુક કૃપા



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)**

સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



બાબતની તો વાત જ ન હતી એન કહેતા, 'મુઝે તો દુધસે ગેસ હોતા હૈ તુમ લોગોંકો ચાહિયે તો મંગવા લો.' અમારા ત્રણમાંથી કોઈ ચા કોફી પીતા ન હોવાથી દુધ લેતા નહી. રોજ વૈષ્ણવદાસજી મહારાજજીને શાક લેવા મોકલતાં અને રોજ બધાને પુછતાં, 'તુમ્હે' કયા સબ્જી અચ્છી લગતી હૈ ?'' અમે કહેતા, 'ભગવાન આપકો જો અનુકુલ હો આપ મંગવાઈ યે હમેં સબ ચલેગા.'' છેવટે નન્નુ મહારાજને પુછતાં, તેઓ ઈચ્છા જણાવતા કે, 'બેના હમે તો આલુ ચાહિએ.'' આ સાંભળી હસતાં અને કહેતા, 'હાં વો ભાલુકો આલૂકે બિના નહી ચલતા વૈષ્ણવ– દાસજી મહારાજજીને પ્રેમથી ગુટ્ટુજી કહેતા તેમને બોલાવી કહેતાં, 'જાવ ગુટ્ટુજી પત્તા ગોભી લે આવ ના ઉસમે ગુણ હૈ ના અવગુણ હૈ ઔર આલૂ જરૂર લાના.'

ભગવાનને બટેટાથી ગેસ થતો હોવાથી હૂ કહેતી, 'ભગવાન આલૂકી સબ્જી અલગ બના દુંગી'' તો કહેતા, ''નહી ચાર જનોંકે બીચમે દો સબ્જી કયો? આલૂકે બડે બડે ટુકડે કરના મૈં બીન બીનકે નિકાલ દૂંગા.'' વૈષ્ણવદાસજી મહારાજજીને મારૂં બનાવેલું જમવાનું ચાલે નહીં પરંતુ ભગવાને કહેલું, ''દેખો સબ્જી રમા બના દેગી ઉસમે કયા હૈ ? ઔર રોટી રમા બેલેગી ફિર સેકના તુમ ફિર રમા હાથ નહી લગાયેગી.'' આ રીતે એક સાથે એક જ સરખું બધાનું જમવાનું બનતું. દેવાસનાં પંદર દિવસનાં મુકામ દરમ્યાન એકવાર પણ બીજુ શાક નહી. સવાર–સાંજ એ જ કોબી, બટેટા જો કે ભગવાનતા સાંન્નિધ્યમાં પરમાનંદમાં સમયનો કે ખાવા–પીવા વિગેરેનો કોઈ જ ખ્યાલ રહેતો નહી પરંતુ જાણે ભગવાન અમને ચકાસતા હોય એ રીતે અને સાદું જીવન હોવું જોઈએ એ બતાવવા માટે કે કોઈપણ કારણે પંદર દિવસ સુધી એક જ શાક જમ્યા રોજ જમતી વખતે બટેટાનાં ટુકડા કાઢી મને કહેતાં, 'તુમ યે પ્રસાદી લે લેના.'' કોઈકવાર મગની દાળ બનાવવા કહેતા. ઘરની પધ્ધતિ પ્રમાણે દાળ ગળી જાય, ત્યારે હળદર, મીઠું, ધાણાજીરૂ નાખતાંા જોઈ કહેતા. ''અરે તુમ્હે કુછ નહીં આતા, ઈતની દેરસે હલ્દી ડાલતી હો તો હલ્દી કચ્ચી રહ જાયેગીનાં ? દેખો મૈં સિખાતા હૂં. એક ઉફાલ આને પર હલ્દી, નમક છોડ દેના ચાહિએ'' અને રોટલી પણ થોડી વધારે શેકાવતાં અને કહેતા હૈ, ''રોટી જલી હુઈ ઔર ચાવલ ગલોા હૂએ ખાનેસે અપચ નહીં હોતા. અધિકતર, તુમ લોગ સ્વાદકો દેખતે હો લેકિન ઘાટીકે નીચે

રામ ચલત લખિ અવધ અનાથા, બિકલ લોગ લોગે ।સબ સાધા।

ઉતરે ઔર માટી, જીવનકે લિયે ભોજન હોના ચાહિયે, ન કિ ભોજન કે લિયે જીવન.''

એક દિવસ મૈં વાળ ધોયેલા તો પુછયુ, 'રમા તુમ કિસસે બાલ ધોતી હો ?'' મૈં કહયું, 'ભગવાન જબ જો સાબુન મિલ જાતા હૈ ઉસીસે'' ત્યારે કહયું, ''દેખો આંવલેસોા ધોયા કરો.'' જાણે સાબુ ઉપયોગમાં લેના ના જણાવતાં હોય તેમ લાગ્યુ કારણ તે વખતે ભગવાન સાબુનો ઉપયોગ કરતા નહી. શૌચ જઈને પણ માટીથી હાથ ધોતા. બને તેટલું કેમ વધુ સાદુ જીવન જીવવું તે શીખવતા હતા.

મોટાભાઈનાં બાબાનું નામ રાશિ પરથી પ્રશાંત હતું. પરંતુ તે ખુબ જ જિદી સ્વભાવનો હોવાથી બે વર્ષની ઉમરમાં જ તેનું ધાર્યુ ન થતાં ગુસ્સાથી જમીનમાં માથા પછાડતો. આ વર્તનથી ભાભી ઘણાં ચિંતીત રહેતા. જયપુરથી હું નીકળી ત્યારે તેઓ ત્યાં હોવાથી તેમણે મને કહેલું ભગવાનને આ વાત કરજો. ભગવાન પ્રશાંતનું નામ બદલી બીજું કાંઈ નામ આપે તો જ આનો સ્વભાવ સુધરશે એવું નામ બદલી બીજું કાંઈ નામ આપે તો જ આનો સ્વભાવ સુધરશે એવું મને લાગે છે. આ હકીકત ભગવાનને જણાવતાં થોડીવાર વિચારી તેનું નામ સતીષ રાખવા કહયું અને ખરેખર ત્યાર પછી તેનું વર્તન શાંત બની બદલાઈ ગયું.

આનંદથી દિવસો પસાર થતાં ૧૨ જાન્યુઆરી મારો દીક્ષા દિવસ નજીક આવતો હોવાથી કહયું, ''ઉસ દિન ઈન્દોરસે ગોરધનકો ભોજનકે લિયે બુલાયેંગે ઔર બતાઓ કયા બનાયેંગે ? મૈં કહયું, ''જો આપ કહેંગે ''નહી તુમ્હે કયાં અચ્છા લગતા હૈ ? હલ્વા પુરી બનાએંગે તો ઘી ચાહિએ ઔર ઘી લેને અનંતપુર જાના પડેગા. ''મે કહયું, ''તો ખીર પુરી બનાયેંગે.'' ભગવાનને અનંતપુર જવાની ઈચ્છા હશે તેથી કહયું, ''પુડીમેં ભી ઘી તો લગેગા હી. ઠીક હૈ અનંતપુર હો આતે હૈ.'' તે દિવસે ગોરધનભાઈ તથા તેમનાં બનેવી આવેલા. તે લોકો અવારનવાર આવતાં રહેતા. સાંજનો સમય હતો. અચાનક જ અનંતપુર જવાની તૈયારી કરી. ગોરધનભાઈ ગાડી ચલાવતા હતા. તેમની બાજુમાં તેમનાં બનેવી બેઠા હતા. વૈષ્ણવદાસજી મહારાજજીને કહેલ. ''દો દિન યહાં રહ કર ભજન કરો. હમ હો આતે હૈ'' તેથી તેઓ દેવાસ રોકાયા હતા. રાતનાં લગભગ બે અઢી વાગ્યા હશે. જંજાલીનાં જંગલમાંથી ગાડી પસાર થતી વખતે રસ્તામાં વાઘ મળ્યો. હું સુઈ ગયેલી ઠંડી પણ ઘણી

રામ વિયોગ ચિકલ સબ ઢ ।ઢે, જહ મનહૂ ચિત્ર લિખિ કાઢે ।

હતી ભગવાને કહયું, દેખો રમા બાઘ આયા.'' હું ઉઠી એટલામાં કહયું, ''અરે નિકલ ભી ગયા. ગોરધન ડર ગયા થા પર અપની ગાડી નિકલ ગઈા.'' અનંતપુર પહોચ્યા એક દિવસ ત્યાં રોકાઈ, સાથે ઘી, અનાજ ગઈ અનંતપુર પહોચ્યા. એક દિવસ ત્યાં રોકાઈ, સાથે ઘી, અનાજ વિગેરે જરૂરી વસ્તુ ત્યાંથી લઈ બીજા દિવસે સવારે પાછા ફર્યા. દીક્ષ દિવસને દિવસે ખીર, પુરી, બટેટાવડા બનાવ્યા. ગોરધનભાઈ ત્યા તેમનાં બનેવી પણ જમ્યા. ભગવાન સ્વયં પણ એ જ બધુ જમ્યા. તે દિવસે મે સાદી વરિયાળી રંગની સાડી પહેરેલી તે જોઈ ભગવાન બોલ્યા. ''રમા ઐસી તીન ચાર સાડી ગોરધનસે મંગવા લો. 'તેનો મતલબ સફેદ કપડાનાં જ આગ્રહી ન હતા. સાદુ જીવન પસંદ કરતા. તે દિવસે બપોરે મને કહયું, 'રમા પદ્માસનમે કિતની દેર બૈઠ સકતી હૈ ?'' મૈં કહયું, 'ભગવાન કરીબ પૌના ઘંટા'' તો કહયું, 'દેખો સાદે આસનમે તીન ઘંટા ઔર પદ્માસનકાં એક ઘંટા બરાબર હોતા હૈ. ધીરે ધીરે એક ઘંટે તક બૈઠનાં તો આસન સિદ્ધ હો જાતા હૈ બાદમે ભલે સુખાસનમે બૈઠનાં'' મૈં કહયુ, 'ભગવાન ધ્યાનમે નાસિકાગ્ર પર દ્રષ્ટિ રખનેસે બહુત સિર દુખતા હૈ ઈસલિએ મેરી તો આંખે બંધ હો જાતી હૈ'' તે માટે કહયું, ''કોઈ બાત નહી નાભિસે મંત્ર ઉઠાનાં. ''મૈં કહયું, ''ભગવાન બિંદી નીચે ખિંચાવકે સાથ ખુબ ફડકન હોતી હૈ'' તો, 'ભૃકુટિમેં ફડકન શુભ હૈ અભ્યાસ છોડનાં નહીં દેખો ઈસસે ગરમી બઢ જાને પર સુબહ એક કટોરી દુધપાક રોજ પીના રાતકો બનાકર રખ દિયા કરના.'' મૈં કહયું, ''ભગવાન પદ્માસનમેં જયાદા બૈઠકર પૈર ભી દુખતે હૈ'' તો કહયું, ''બદામકે તેલસે માલિશ કરના.''

તે દિવસે સાંજે ભગવાન માટે પપૈયું મંગાવેલું.વૈષ્ણવદાસજી મહારાજજી શાક સમથે લઈ આવ્યા. ભગવાન પાસે બેસી તે હું સુધારવા લાગી તો કહયું, 'કયા કર રહી હો ?'' મે જણાવ્યું, ''આપકે લિયે, તો કહયુ, ડહરો લાવ મુઝે દો.'' તેમ કહી મારા હાથમાંથી લઈ લીધુ અને એક સરખા ચાર ટુકડા કરી મુકયા. જાણે નાના બાળકોનાં વસ્તુનાં ભાગ પાડયા હોય તેમ બોલ્યા, ''ચલો અપના અપના હિસ્સા ઉઠા લો, '' કેટલી સમતવતા !! દરેક ચીજમાં જે રીતે પોતે સ્વીકારે તેટલો જ ડ્રાઈવરનો પણ ભાગ રાખતા. સૌને પહેલા લેવા કહયા બાદ કહયું, 'અબ મુઝે અપનાં હિસ્સા અમનિયા કર દો. '' મૈં મારા ભાગમાંથી વધારે આપવા જણાવ્યું તો કહયું, ''નહીં સબ અપનાં અપના હિસ્સા ખા લો.''

રામચરણ પંકજ પ્રિય જિનહી, વિષય ભોગ વશ કરહિ કિ તિનકી.

રોજ તો ભગવાન ભોજન લે ત્યારબાદ જમવાનું રહેતું પરંતુ આજે પપૈયું ભગવાનની સામે જ બેસી ખાવાનું હતું. ખાવાનું ચાલુ કરતાં કહયું, ' અરે તુલસીજી નહીં છોડ ? કોઈ ભી ચીજ કભી ભી કંઠી લગાયે બિના ખાના પીના નહી.'' હંમેશા ભગવાનને કંઈપણ સ્વીકારવા પહેલા કંઠી લગાડતા જોતી ખરી પરંતુ તેની પાછળનો હેતું ખબર ન હતો. પછી તો કાયમ માટે આ આદત પડી ગઈ. દરેક જગ્યા એ તુલસી ન મળી શકયાથી ગળામાંથી તુલસીજીની કંઠીનો ઉપયોગ કરવામાં આવતો.

તુમહિં નિવેદિત ભોજન કરહી.

બીજા દિવસે એકાદશી હતી. ઈંદોરથી બે ચાર ભાઈઓ આવ્યા, ફળ વિગેરે લાવેલા. ભગવાને કહયું, 'રમા આજ તુમારી એકાદશી હૈ ના ? દેખો ફુલ આ ગયે. દ્દાોખો એક તપેલી લે આવ.'પોતાનાં હાથે કેળા સુધાર્યા. તેમાં એલચી, કેસર, સાકર નાંખી તૈયાર કરી કહયું, 'હલો તુમ ફલાહાર કરલો. 'બપોરે બધા ગયા પછી સાંજે કહયું, 'ચલ રમા થોડા ધુમને ચલતે હૈ.'' આ પહેલા પણ એક દિવસ એકલા બહાર ગયેલાં ત્યારે તો પોસ્ટ ઓફિસ કોઈને તાર કરવા ગયેલા. આજે હું અને ભગવાન ભોપાલ રોડ પર ચાલતાં ચાલતાં લગભગ બે ફર્લાગ જેટલું દર ગયા હોઈશું એક જગ્યાએ નાના સરખા પુલ જેવું હતું ત્યાં બેઠા. સડક પર હું શ્રીચરણોમાં બેઠી હતી. ભગવાને કહયું, ''કિતનાં સુંદર વાતાવરણ હૈ. રમા, રામાયણ ખુબ પઢના યહ તો સાગર હૈ જિતની ગહીરી જાઓગી રત્ન હાથ આયેગે. દોખો કભી સમય મિલને પર મૈં ભી તુમ્હે સમજાઉગા' થોડી વાતો કરી પાછા ફર્યા. ધીરે ધીરે ચાલતાં ધર્મશાળ ।એ આવી પહોંચ્યા.રોજ રાત્રે સુતાં લગભગ બાર વાગી જતાં. સવારે ભગવાન જાગી ગયા હોય તો પણ ઠંડાાીનાં હિસાબે હું સુતી હોઉ તો કદીા ઉઠાડતાં નહીં.

બીજા દિવસે સંક્રાન્તિનો દિવસ હતો. હવે તો ખબર પડી ગાઈ હોવાથી ઈંદોરથી ફરી પાછા ભાઈઓ આવ્યા. તલ, મમરા તેમ જ ચુરમાન લાડુ લાગ્યા હતા. બપોરે બધા ભગવાન પાસે બેઠા હતા. સાંજે દેવાસ છોડવાનું નકકી કર્યુ. જવાની તૈયારી થતાં ગાડીમાં સામાન ગોઠાવાવા લાગ્યો નીકળતી વખતે ભગવાને કહયું, ''રમા, ભૂખ લગી હૈ તો **(ક્રમશઃ)**

# કબીર સ્મરણ

**અનુભૂતિનાં અક્ષરો**

- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ



તારીખ ૧/૧/૨૦૨૪ એટલે આપણા વ્યવહારિક વર્ષની શરૂઆતનો પ્રથમ દિવસ. અને આ દિવસ ઉજવાયો કબીર ટેકરી સાવરકુંડલાના આંગણે. આ અવસર એટલે 'અવસર અવતરણનો' પૂજય નારાયણસાહેબનો જન્મદિવસ. અને આ શુભદિવસ આટલી સુંદર રીતે શિક્ષણ, સાહિત્ય અને સામાજિક સેવાની નિસ્બતનાં સમન્વયથી ઉજવાય ત્યારે તો સોનામાં સુગંધ ભળી કહેવાય. જે અંતર્ગત કબીર ટેકરીમાં કબીરજીને યાદ કરી આ કાર્યક્રમ ઉદયભાઈનાં સંચાલનમાં થયો. અને સાથે જ બીજો એક અવસર ઉજવાયો રાજય અને રાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત થયેલા માનનીય શ્રી, સુધીરભાઈ મહેતાના 'ખોરડાના ખાતમુહૂર્ત'નો એટલે કે તેમના 'ખોરડું' પુસ્તકના વિમોચનમાં સહભાગી થવાનો. ત્યારે આ તકે કબીરજી વિશે ઘણું વાંચવાનું, સાંભળ વાનું ને જાણવાનું થયું. જયા ઉત્તમ વકતાઓ દ્વારા કબીરજી વિશેની ગહન વાતો સાંભળી. જેમાં મારા ગુઢ શ્રી, વાસુદેવભાઈ સોઢા, ગોરધનભાઈ ભેસાણીયા, ખુમાણ, ડો. કાલિન્દીબેન પરીખ, ડો.ગીતાબેન ગીડા સૌની વાતોમાંથી ઘણું શીખવા મળ્યું. પૂજય નારાયણ સાહેબનાં આશીર્વાદ પ્રેરણાત્મક રહ્યાં. એ તકે 'હરતું ફરતું વિજ્ઞાન' કહીએ એવા નાનાલાલભાઈ ત્રિવેદીએ ૪૪ ફરતા દીવા પ્રજવલિત કરી પૂજય નારાયણ સાહેબના જન્મદિવસની ઉજવણી કરી. અને તેમના પૌત્ર યશ ત્રિવેદીએ બોલતો સિલ્ડ અર્પણ કર્યો પૂજય નારાયણ સાહેબને. અને આ સિવાય નામી અનામી સૌ કોઈને મળી ખૂબ આનંદ થયો અને ઘણું બધું જાણવાને શીખવા મળ્યું.

પરંતુ એ સમય દરમિયાન મેં જે કંઈ વાંચ્યું અને એમાંથી મને કબીર સાહેબના જે તત્વનો સ્પર્શ થયો તે તત્વ એટલે 'શબ્દ' કે જે સાંપ્રત સમયમાં પણ એટલી જ લાગુ પડે છે અને કદાચ સદાકાળ લાગુ પડશે જ એવું મને લાગે છે. એવી વાતો એટલે કબીર સાહેબે પોતાના દુહા કે સાખી દ્વારા 'શબ્દ' કે ' વાણી વિવેક' વિશેની કહેલી વાતો. કબીર સાહેબે પોતાની સાખીઓ કે દુહાઓમાં ખુબ સરસ કહ્યું છે કે,

**'શબ્દ શબ્દ સે કોઈ કહે, ઓ**
**તો શબ્દ વિદેહ, જીહ્વા પર**
**આવે નહીં, નીરખ પરખ કર**
**લેહ.'**

શબ્દને પારખીને વાપરવા એવો ગુઢ ાર્થ છે.

બીજા એક દુહામાં કબીર સાહેબે કીધું છે,

**'મધુર વચન હે ઔષધી,**
**કટુવચન હૈ તીર,**
**શ્રવણ દ્વાર હે સંચરે, શાલૈ સકલ**
**શરીર.'**

એટલે કે, આપણા મીઠા શબ્દો કોઈ માટે ઔષધી દવા બની જાય છે. અને કડવા વચન તીર બની જાય છે. ભલે આ શબ્દો માત્ર કાનમાં પડે છે પણ એ અસર આખા શરીરને કરે છે. આમ કબીરજીએ હંમેશા શાસ્ત્રોના જ્ઞાનકરતાં વધુ ભાર શુદ્ધ આચરણ પર મૂકયો છે. અને આપણા આચરણમાં પાયાનું પરિબળ એટલે આપણા શબ્દો, આપણી વાણી. અને આ શબ્દોની તાકાત ખૂબ અકળ છે. 'શબ્દ શસ્ત્ર પણ છે અને સંજીવની પણ છે.' કોઈ હિંસક કે ધારદાર શસ્ત્રો કરતા પણ વધુ ધારદાર શસ્ત્ર છે આપણા શબ્દો. બીજા કોઈપણ શસ્ત્રો તેની લોહીભીની છાપ છોડી જાય છે પણ, આ શબ્દરૂપી શાસ્ત્રથી લોહીની છાપ ભલે ન છૂટે પરંતુ તે ખૂબ મોટા વિનાશ કે વિવાદ કરવા સક્ષમ શસ્ત્ર છે. ત્યારે આવા આપણા શબ્દોનું આપણા જીવન અને વ્યકિતત્વમાં ઘણું મહત્વ છે. તેને સમજીને યોગ્ય રીતે તેનો ઉપયોગ થાય એ ખૂબ જરૂરી છે. એટલે જ કબીરજી કહે છે,

**' શબ્દ બોલ સમ્હાર કે, શબ્દ કે**
**હાથ ના પાવ,**
**એક શબ્દ ઔષધ કરે દુજો કરે**
**ઘાવ.'**

એટલે કે આપણા શબ્દોમાં એ શકિત રહેલી છે કે, 'દર્દમાં મલમ પણ બની શકે અને પોતે દર્દ પણ બની શકે હવે તે બનશે શું તેનો આધાર આપણા ઉપયોગ પર છે.'

કેમકે શબ્દ જયારે બાણ કે તીર બનીને હૈયે વાગે છે. ત્યારે એના ઘા દેખાઈ ભલે નહી પણ આ જીવન રુજાતા પણ નથી.

જેને મારીજ કવિતાની બે લાઈનમાં કહું તો,

**'હથિયારથી પણ હિંસક હોય**
**હરફ તણા સૌ ઘા,**
**લાખ પ્રયાસો કરવા છતાં કદી**
**રૂજાય ના.'**

એને સામાન્ય ઉદાહરણ દ્વારા સમજાવું તો, અહીં તબીબી ક્ષેત્રના કોઈ વ્યકિતઓ હશે તો એને ખબર હશે કે, આપણા શરીરમાં કોઈ પણ જગ્યાએ ઈજા થાય તો એને રૂજ આવતા સમય લાગે. પરંતુ જો જીભ ઉપર ઈજા થાય તો તેના પર જલ્દી રૂજ આવી જાય છે. આવું તબીબી વિજ્ઞાન કહે છે. પરંતુ ' આપણા સૌના સહિયારા અનુભવના વિજ્ઞાનની દ્રષ્ટિથી જોઈએ તો, આ જીભથી, જીભ વડે કે જીભ થકી થયેલા ઘા લગભગ આજીવન રૂજાતા નથી.'

અને ઘણી વખત તે નફરત, વેર, ધૃણા કે વીખવાદનું કારણ પણ બને છે. ત્યારે આ જીભરૂપી શસ્ત્ર અને સંભાળવું ખરેખર ખૂબ જરૂરી બની જાય છે.

કારણ કે આપણા શબ્દો એ આપણા અસ્તિત્વ અને વ્યકિતત્વનું પ્રતિબિંબ છે. તેથી આ શબ્દો કબીરજીના દુહાઓને સાખી મુજબ સદાચારણ યુકત બને તે ખરેખર અતિ આવશ્યક છે. 'આપણા શબ્દો કોઈ જીવનનું જોમ બને જોખમ નહી તેની કાળજી રાખવી જરૂરી છે'

એટલે જ કબીર સાહેબે ' શબ્દ' માટે પોતાના દુહા કે સાખી દ્વારા ઘણું બધું કહ્યું છે. અને જે દરેક સમયમાં અનુકર્ણીય છે. સાંપ્રત સમયમાં પણ એ ખૂબ જરૂરી છે. સાંપ્રત સમયમાં આપણે આપણા શબ્દ ભાષા કે વાણી પ્રત્યે સજાગ નથી અને જેના કારણે ઘણા બધા પરિણામો ભોગવવા પડે છે. આપણે આપણી વાણી પરનો વિવેક કદાચ ચુંકતા જઈએ છીએ.

આપણા શબ્દો કે વાણી એ આપણને મળેલી અમૂલ્ય સંપત્તિ છે. તેથી તેનું સમજી વિચારીને વપરાશ કરવો. વણવિચાર્યે ગમે તેમ છુટા હાથે તેનો વ્યય કરવો સહેજ પણ યોગ્ય નથી. તમારો શબ્દ કોઈ માટે છાંયડો બને તાપ નહીં એ વિચારીને વાપરવો. કટુવચન કોઈને ગમતા નથી માટે મિતભાષી બનીએ. ઘણી વખત તમારા યોગ્ય સમયે કહેવાયેલા યોગ્ય શબ્દો બગડેલી બાજી પણ સુધારી શકે છે. પરંતુ એ માટે આપણે આપણા શબ્દો પ્રત્યે સજાગ હોઈએ એ ખૂબ જરૂરી છે. અને શબ્દો પ્રત્યે સજાગ હોવું એટલે કેવું, કયારેને કેમ બોલવું અને કઈ રીતે બોલવું ? એની સમજ હોવી. ઘણી વખત ખૂબ સારી વસ્તુ પણ અયોગ્ય રીતે કહેવાય તો તેની અસર નથી થતી. અને ઘણી વખત સાવ નબળી વાત પણ સારી રીતે કહેવાય હોય તો તેની અસર ઊંડે સુધી થાય છે.

એટલેજ કબીરજી કહે છે,

**'એસી બાની બોલીએ, મનકા**
**આપા ખોઈ,**
**એરન કો શીતલ કરે, આપ હું**
**શીતલ હોય.'**

અર્થાત એવા શબ્દો બોલીએ, એવી વાણી બોલીએ કે જે બીજાને ઠંડક આપે. આપણા શબ્દો કોઈના માટે ઔષધી બને ઓજાર નહી તેનું ધ્યાન રાખવું. અને આ કોઈ એક સમય કે ઉંમર કે ક્ષેત્રની વાત નથી. દરેક તબક્કે જરૂરી તત્વ છે. 'શબ્દોની સારસંભાળ' કે 'વાણીનો વિવેક' કાળ ક્રમે જુદા જુદા સ્વરૂપે જુદી જુદી વ્યકિતઓ દ્વારા આપણને સમજાવ્યો છે.

સામાન્ય રીતે તો આપણે સૌ સૌજન્ય શીલ જણાતા સજ્જનો જયારે ધારણા વિઢદ્ધ કોઈ વર્તન થાય ત્યારે ગુસ્સો, રોષ કે આક્રોશ પ્રગટ કરીએ છીએ. અને એ સમયે આપણે આપણો વાણીવિવેક ચુંકી જઈએ છીએ. અને ઘણા એવા શબ્દો બોલી જવાય છે, જે અન્યના દુઃખનું કારણ બને છે. અથવા તો આજીવન વેરની વાડ પણ રચાય છે.

બસ એટલે આપણને મળેલી આ અમૂલ્ય સંપત્તિની માવજત કરવી પડે. વળી આપણે ત્યાં એવું છે કે વિનામૂલ્ય મળી ગયેલી કોઈપણ સંપત્તિ કે સેવાનું આપણને બહુ મૂલ્ય હોતું નથી. જેની કિંમત નથી ચૂકવવી પડતી તેની કદર પણ હોતી નથી. અને એનું ઉત્તમ ઉદાહરણ એટલે મારા, તમારા, આપણાં સૌના ઘરમાં ૨૪/૭ વણમાંગ્યે આપણી દરેક સેવાઓ કરતી, વિનામૂલ્યે આપણી માટે પોતાનો પરસેવો પાડતી એ દરેક ઘરની ગૃહિણી.

તો એવી જ રીતે આપણને આ વિનામૂલ્યે મળેલી આપણી શબ્દ સંપત્તિનું સન્માન કરતાં શીખીએ. તેની માવજત કરીએ. અને તેને સાચવીને તેનો ઉપયોગ કરીએ.

માટે કબીરજીની આ શબ્દ વિશેની સમજણ જીવનમાં અનુસરવામાં આવે તો સાંપ્રત સમયમાં ખૂબ ઉપયોગી નીવડી શકે તેમ છે. અને ઘણીખરી સમસ્યાઓનું સમાધાન પણ મળી શકે તેમ છે. ત્યારે આ શબ્દરૂપી બ્રહ્મની સારસંભાળ અતિ આવશ્યક બની જાય છે. આપણા અસ્તિત્વને વ્યકિતત્વ વિકાસ તરફનું એક અભિન્ન અંગ છે આ આપણા ' શબ્દો' કે આપણો 'વાણીવિવેક'. તેથી આપણે પણ આપણા શબ્દો પ્રત્યે સજાગ બનીએ અને આવનારી પેઢીને પણ વાણીનો વિવેક અને શબ્દો પ્રત્યેની સભાનતા કે સજાગતા સમજાવી શકાય તો સમજાવીએ. જે સાંપ્રત સમયમાં ખૂબ ઉપયોગી સાબિત થશે.

આખરે આ શબ્દો વિશે મારી જ ગઝલની જો બે પંકિતઓ કહું તો,

'શબ્દની આવે સમજ તો ધન્ય છે,
શબ્દની રાખો અદબ તો ધન્ય છે.'

તો આપણે સૌ આ ધન્યતા અનુભવીએ કબીર સાહેબના શબ્દો દ્વારા મળેલી આ ' શબ્દ' માટેની સમજણને આપણે સૌ એમના જ એક દુહા મુજબ,

**'કલ કરે સો આજ કર, આજ**
**કરે તો અબ.'**

એટલે આજ અને અત્યારથી જ આપણા જીવનમાં અનુસરવાનો પ્રયાસ કરીએ.

# રસપ્રદ ઇતિહાસ : જુનાગઢવાસીઓને પણ જાણ નહીં હોય કે, 'મોતીબાગ' નામ કેવી રીતે પડયું..!!



જુનાગઢ શહેરનું નામ યાદ આવે એટલે સૌથી પહેલા ગિરનાર, ઉપરકોટ, મોતીબાગ, સકરબાગ, આટલા નામ તો યાદ આવ્યા વગર રહે જ નહીં. હવે શહેરની આન,બાન,શાન સમાન ' મોતીબાગ' બગીચા પાછળ છુપાયેલ ઐતિહાસિક ઘટના ખૂબજ રસપ્રદ છે. નવાબ મહોબત ખાનજી ના સમયમાં આ અદ્દ્ભુત બગીચો તૈયાર થઈ રહ્યો હતો. હજી આ બગીચાનું કોઈ નામકરણ થયેલ ન હતું. બગીચો સંપૂર્ણપણે તૈયાર થઈ જતાં નવાબ દ્વારા એક સંગીતનો જલસો રાખવામાં આવ્યો. જેમાં ખાસ ચોરવાડથી કોળી સમાજની એક ટીમ ટિપ્પણી રાસ લઈને રમવા આવી હતી અને આ ગીત સંગીતના કાર્યક્રમમાં નવાબી ગાયિકા ગણાતા જાણીતા મોતી મનોહર એક પછી એક ગુજરાતી કાઠીયાવાડી ગીતો ગાય રહ્યા હતા.તેવામાં નવાબ મોહબતખાનજીની સવારી પણ આવી પહોંચી અને છેલ્લે કાર્યક્રમ પૂર્ણ થવા સમયે જૂનાગઢના નવાબ મહોબતખાનજી એ ગાયિકા મોતી મનોહરને હજુ એકાદ રાસડો ગાવા આગ્રહ કર્યો અને ગાયિકા મોતીબેન એટલે કે જુનાગઢના પ્રસિદ્ધ ગઝલકાર, સાહિત્યકાર શ્યામ સાધુના પિતાજી મુળદાસ બાપુ મનોહરદાસ સોલંકીના માતૃશ્રી મોતી મનોહરદાસ સોલંકી, નવાબ મહોબતખાનના આગ્રહથી, 'લીંબુડા ઝૂલે તારા બાગમાં' આ ગીત ગાયું અને નવાબ વાહ વાહ પોકારી ઉઠયા અને ગાયિકા મોતી મનોહરને જે ઈચ્છા હોય તે માંગવા કહ્યું અને પાંચ ગામ આપવાની પણ ઓફર કરી..! પરંતુ આ ખાનદાની નવાબી ગાયિકાએ સવિનય ઈનામ લેવાનો ઈનકાર કર્યો છતાં નવાબે ખૂબ જ આગ્રહ કર્યો. ત્યારે મોતી મનોહર સોલંકી એ કહ્યું કે, માલિક તમે ખરેખર જો ઈનામ આપવા ઈચ્છતા હોય તો આ બાગનું નામ મારા નામ ઉપરથી, 'મોતી બાગ' રાખો અને નવાબ દ્વારા એલાન કરવામાં આવ્યું કે આજથી આ બાગ મોતીબાગ તરીકે ઓળખાશે.

આ સમયે ગીત સંગીતના જલસામાં હાજી કાસમ, ગોવિંદ બાપુ બારોટ, હીરામાં જેવા તે સમયના ગણમાન્ય વ્યકિતઓ પણ હાજર હતા.

એવું કહેવાય છે કે, જયારે જયારે નવાબી મહેલમાં ગીત સંગીતનો જલસો ગોઠવાતો ત્યારે સોનાના પતરા મઢેલી મોટરકાર કડિયા વાસમાં મોતી મનોહર ગાયિકાને તેડવા મુકવા હંમેશા મોકલવામાં આવતી હતી.

– પ્રતાપ ખુમાણ,સાવરકુંડલા

**વાવો ભાઈ... વાવો... હવે તો એક વડનું વૃક્ષ જરૂર વાવો...**

# ભારતનું રાષ્ટ્રીય વૃક્ષ વડલાનાં લાખો ટેટાએ પક્ષીનો પૌષ્ટિક ખોરાક

ભારતીયસંસ્કૃતિ વિશ્વભરમાં અજોડ છે. આપણે માનીએ છીએ કે જીવજંતુ, તંતુ, વૃક્ષ વિગેરેમાં પરમાત્માનો વાસ છે. તેની રક્ષા અને નૈસર્ગિક સંતુલન બનાવી રાખવા માટે પશુપક્ષીઓને ઈશ્વરના વાહન તરીકે સ્થાન આપીને તેની રક્ષા કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેવી જ રીતે વૃક્ષોને પણ ભારતીય સંસ્કૃતિમાં અનેરૂ સ્થાન આપવામાં આવ્યું છે. આપણી સંસ્કૃતિ વૃક્ષ બચાવ, વૃક્ષ ઉછેર અને વૃક્ષારોપણને મહવ આપે છે. વડનું ઝાડ બહુ જ મોટા વિસ્તાર તથા ઘટાદાર હોય છે. તે ઝાડને પૂજય માનેલું છે. વડ સાવિત્રીના વ્રત વખતે કુમારીકાઓ આ ઝાડની પૂજા કરે છે.ગુજરાતમાં નર્મદા નદીના કાંઠે શુકલતર્થ પાસે મોટો જુનો કબીર વડ છે. તેને સાડા ત્રણસો વડવાઈઓ છે.અને આ વડની નીચે પાંચ હાજર માણસો આરામ લઈ શકે છે.

**વડનું મહત્વ :**

વડના ઝાડની ડાળીમાંથી વડવાઈઓ ફુટીને જમીન તરફ વધતી જઈ જમીનમાં મૂળ નાંખે છે, જેથી વડનો વિસ્તાર વધતો જાય છે.

વડની વડવાઈનું દાતણ કરવાથી દાંત મજબૂત રહે છે, ચોખા થાય છે અને સડતા નથી.

શારીરિક શક્તિ મેળવવા પતાસામાં વડનું દૂધ એકઠું કરી રોજ તાજુ ખાઈ જવું.ધાતુના વિકારોમાં વડનું દૂધ ઉત્તમ છે.વડનાં પાનનાં પતરાળા બનાવામાં આવે છે.પૌરાણિક ગ્રંથો અનુસાર વડ વૃક્ષ એ દેવ વૃક્ષ છે. દુષ્કાળમાં પણ આ ઝાડ લીલોછમ રહે છે, તેથી આ સમયે પ્રાણીઓ માટે તેના પાંદડાઓ અને તેના ફળ પર રહેવાનું સહેલું છે.વડએ ઓકસીજન નો કુદરતી બાટલો છે. દિવસ હોય કે રાત, વડની નીચે રહેવાથી આપને ભરપૂર ઓકસીજનનું પ્રમાણ મળી રહે છે.જેઓને શ્વાસની તકલીફ હોય કે પછી ઓકસીજન ઓછું લઈ શકતાં હોય એમણે વડના ઝાડની આસપાસ જરૂર રહેવું જોઈએ.

વડના મૂળ,તેની કોમળ કે રૂક્ષ વડવાઈઓ, તેના કૂણાં પાન તેમજ તેના થડ અને વડવાઈઓમાંથી ઝરતું ક્ષાર જેવું દૂધ, વડવાઈ, છાલ, શુંગ



અને મૂળ એમ દરેક અંગોને દવા તરીકે કામ લઈ શકાય છે.

આ ઝાડના પંચગવ્ય એટલે કે ફૂલ,ફળ, પાન, છાલ અને થડ દ્વારા અનેક રોગોનુ નિદાન કરવામાં આવે છે. હિન્દુ ધર્મમાં ઘણા વૃક્ષ એવા છે જેમને પૂજનીય માનવામાં આવે છે. તેનુ કારણ પણ છે. કારણ કે અનેક ઝાડ છોડ ફુલ અને વૃક્ષોની જડમાં વિવિધ દેવતાઓ અને ગ્રહોનો વાસ માનવામાં આવે છે. અને તેમના દ્વારા જીવનની અનેક પરેશાનીઓ કષ્ટોથી મુક્તિ મેળવી શકાય છે.

આવુ જ એક ખાસ ઝાડ છે વડ. તેને વટવૃક્ષ પણ કહે છે. વડના વૃક્ષને જયોતિષ અને તાંત્રિક ગ્રંથો સાથે આયુર્વેદમાં પણ મહત્વનુ સ્થાન પ્રાપ્ત છે. કારણ કે વડનું ઝાડ એ દિર્ઘજીવી વૃક્ષ તરીકે જાણીતું છે.આ ઝાડ ત્રિમૂર્તિનું પ્રતીક છે, તેની છાલમાં ભગવાન શ્રી વિષ્ણુ, મૂળમાં બ્રહ્માજી અને ડાળીઓમાં મહાદેવ શિવનો વસવાટ રહેલો છે તેવું માનવામાં આવે છે. જેમ પીપળના ઝાડનેને વિષ્ણુજીનું પ્રતીક માનવામાં આવે છે, તેવી જ રીતે વડને શિવ માનવામાં આવે છે. તે પ્રકૃતિની રચનાનું એક મહત્વનું પ્રતીક છે, સંતાનની મનોકામના કરતા લોકો તેની પૂજા કરે છે. તે લાંબા સમય સુધી જીવે છે, તેથી તેને અક્ષયાવત પણ કહેવામાં આવે છે. તેના વૈજ્ઞાનિક કારણોસર પણ અનેક ઘણું મહત્વ છે. તેનો પડછાયો સીધું આપણાં મન ઉપર અસર કરે છે, અને મનને શાંત રાખે છે. દુષ્કાળમાં પણ આ ઝાડ લીલોછમ રહે છે, તેથી આ સમયે પ્રાણીઓ માટે તેના પાંદડાઓ અને તેના ફળ પર રહેવાનું સહેલું છે. વડ એટલું બધું ઘટાદાર વૃક્ષ છે કે તેનો છાંયડો આજના સમયમાં લોકો અને પ્રાણીઓ માટે આશીર્વાદ રૂપ બની રહે છે. એક માન્યતા અનુસાર વડ સાવિત્રીની પૂજામાં સત્યવાનને જીવનદાન વડના ઝાડની નીચે સૂવડાવ્યા બાદ જ મળ્યું હતું. તેથી. પૃથ્વી ઉપર આ વૃક્ષ છે વરદાનરૂપ છે. આ વૃક્ષ અમરપટો લઈને આવેલ છે. તે નાશવંત વૃક્ષ કહેવાય છે. તેનું વનસ્પતિ નામ ફિકસ બેંગહેલેન્સિસ છે.ઘેઘુર વડ વરસાદ સારો લાવે છે.સાથે સાથે અનેક પક્ષીઓનું આશ્રયસ્થાન પણ હોય છે. વડનું વૃક્ષ એક એવું વૃક્ષ છે કે જે આપમેળે પૃથ્વીના પેટાળમાં ફેલાઈને બહાર આવી નવું વૃક્ષ પેદા કરતું હોય છે.વટસાવિત્રી વ્રતમાં વડ વૃક્ષનું મહત્વ વિશેષ કરીને તેથી જ છે. વડને સૂતરના તાંતણા વડે રક્ષાસુત્ર બાંધવામાં આવે છે.

રાષ્ટ્રીય વૃક્ષ વડની સંખ્યા વધે તે માટે કેન્દ્ર અને રાજય સરકાર પ્રયાસ કરી રહી છે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રિય વડ વૃક્ષના 'નમો વડ વન'રાજયમાં ૩૩ જિલ્લામાં ૭૫ સ્થળોએ ઉભાં કરાઈ રહ્યાં છે. પ્રત્યેક 'નમો વડ વન'માં ૭૫ વડવૃક્ષ વાવેતર દ્વારા પર્યાવરણ શુદ્ધિ – સ્વચ્છ હવા – કુદરતી ઓકિસજન મેળવવાની નેમ સાકાર કરાઈ રહ્યાં છે.

– મિતલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

# સાવરકુંડલા માર્કેટયાર્ડમાં તાલુકાની સહકારી મંડળીઓનાં હોદ્દેદારો અને ભાવનગર ડીસ્ટ્રીકટ બેંકનાં હોદ્દેદારોની સંયુકત મીટીંગ મળી






ચાલુ વર્ષની કે.સી.સી. કૃષિ ધીરાણ – વસુલાત અને આગામી વર્ષ માટે કૃષિ ધીરાણ લક્ષાંક મુજબની કામગીરી અને એકશન પ્લાન માટે સાવરકુંડલા માર્કેટયાર્ડમાં આજ રોજ ભાવનગર ડીસ્ટ્રીકટ કો–ઓપ.બેંકનાં ડીરેકટર અને એ.પી.એમ.સી.નાં ચેરમેન દિપકભાઈ માલાણી, જનરલ મેનેજર આર.ડી.સરવૈયા અને સેકશન મેનેજર કે.બી. ગોહીલ સાથે સાવરકુંડલા તાલુકાની બેંક સાથે જોડાયેલ સહકારી મંડળીઓનાં પ્રમુખ, મંત્રીઓ અને વ્ય.કમીટીના સભ્યો સાથે સંયુકત મીટીંગ મળી હતી. જેમાં ધિરાણ વસુલાત અને થાપણ વૃધ્ધી અંગે સમીક્ષા અને માર્ગદર્શન તેમજ આગામી વર્ષનાં લક્ષાંક મુજબની કામગીરીનો એકશન પ્લાન તેમજ કે.સી.સી. ધીરાણ નીતીઓની સમીક્ષા કરી વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.આ મીટીંગમાં સાવરકુંડલા તાલુકાની સહકારી મંડળીઓનાં પ્રમુખ, મંત્રીઓ અને વ્ય.કમીટીનાં સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. તેમજ સાવરકુંડલા તાલુકાની તમામ શાખાનાં મેનેજરો અને સ્ટાફગણ ઉપસ્થિત રહેલ હતો.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીમાંથી નવી નકોર એસ.ટી. બસનું

ગુજરાત સરકાર હંમેશા કટીબધ્ધ છે. ત્યારે ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમ ધ્વારા અમરેલી વિભાગીય કચેરીને કુલ–૨૧ નવી બસો ફાળવવામાં આવેલ છે. જેમાં અમરેલી ડેપોને–૬, સાવરકુંડલા ડેપોને–૫, બગસરા ડેપોને–૪, ધારી ડેપોને–૨, કોડીનાર ડેપોને–૨, રાજુલા ડેપોને–૧ અને ઉના ડેપોને–૧ બસ ફાળવવામાં આવેલ છે.

આ તકે સાંસદે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યકત કરતા જણાવેલ હતું કે, લોકોની સુખાકારી માટે આ ફાળવાયેલ બસો અમરેલી ડેપો ખાતેથી અમરેલી–માતાનો મઢ રાત્રે ૯:૦૦ કલાકે, માતાનો મઢ–અમરેલી સાંજે ૬:૩૦ કલાકે, અમરેલી–છોટા ઉદેપુર સાંજે ૫:૦૦ કલાકે, છોટા ઉદેપુર–અમરેલી સાંજે ૫:૩૦ કલાકે, અમરેલી–અમદાવાદ બપોરે ૧૨:૩૦ કલાકે, અમરેલી–ભાવનગર સવારે ૬:૦૦ કલાકે તેમજ સાવરકુંડલા ડેપો ખાતેથી સાવરકુંડલા–ગાગરડી બપોરે ૪:૧૫ કલાકે, ગાગરડી–સાવરકુંડલા બપોરે ૩:૪૫ કલાકે, સાવરકુંડલા કૃષ્ણનગર સવારે ૧૦:૩૦ કલાકે, કૃષ્ણનગર–સાવરકુંડલા સવારે ૫:૩૦ કલાકે, રાજુલા–રાજકોટ બપોરે ૨:૩૦ કલાકે તેમજ બગસરા ડેપો ખાતેથી બગસરા–સુરત સવારે ૭:૦૦ કલાકે, સુરત–બગસરા સવારે ૭:૦૦ કલાકે, બગસરા–ફતેહપુર બપોરે ૨:૪૫ કલાકે, ફતેહપુર–બગસરા બપોરે ૩:૪૫ કલાકે તેમજ ધારી ડેપો ખાતેથી ધારી–રાજકોટ સવારે ૬:૦૦ કલાકે, ધારી–કૃષ્ણનગર સવારે ૬:૩૦ કલાકે તથા રાજુલા ડેપો ખાતેથી રાજુલા–ભાવનગર સવારે ૫:૦૦ કલાકે તથા કોડીનાર ડેપો ખાતેથી કોડીનાર–ગાંધીનગર રાત્રે ૯:૩૦ કલાકે, ગાંધીનગર–કોડીનાર સાંજે ૭:૩૦ કલાકે અને ઉના ડેપો ખાતેથી ઉના–રાજકોટ સવારે ૪:૪૫ કલાકે બસોનું સંચાલન થશે. આ નવી બસો ધ્વારા નાગરીકોને પરીવહનની ઉત્તમ સુવિધાઓ મળી રહેશે અને મુસાફરી વધુ સુગમ બની રહેશે.

આ તકે અમરેલી શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, વિભાગીય નિયામક પી.પી. ધામા, વિભાગીય યાંત્રીક ઈજનેર એચ.એન. દવે, વિભાગીય પરીવહન અધિકરી હિરીબેન કટારા, મદદનીશ વહીવટી અધિકારી સાજીદભાઈ અંસારી અને અમરેલી ડેપો મેનેજર વી.એચ. નથવાણી સહિતના એસ.ટી. વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

## ગળકોટડી નજીક રાજકોટ–ભાવનગર

જીનમાં સીકયુરીટી ગાર્ડની નોકરી કરતા હોય ગત તા.૫/૧/૨૪ ના રોજ એકલા નોકરી ઉપર હતા વખતે રાત્રીના આશરે સાડા ત્રણેક વાગ્યાના પછીના સમયગાળા દરમિયાન બે અજાણ્યા પુરૂષ વ્યકિત જે બંને મજબુત બાંધાના અને ઉંચા એવા અને શરીરે પેન્ટ શર્ટ પહેરેલ, તેમજ ઉમર આશરે ૩૫ થી ૪૦ વર્ષના બંને વ્યકિત મોઢે રૂમાલ બાંધી એકબીજા સમાન ઈરાદે જીનમાં ચોરી કરવા ઈરાદે જીનના દરવાજો કુદી અંદર પ્રવેશ કરેલ હતો. અને વૃધ્ધ સુતા હોય તે રૂમમાં આવતા વૃધ્ધની નીંદર ઉડી જતા આરોપીએ વૃધ્ધને ખરાબ શબ્દોમાં ગાળો આપી, તેમજ કાઈ હલચલ કરી છે તો જીવતો નહી રહેવા દઈએ તેમ ધમકી આપી, લાકડી વડે તથા દિવાલમાં માથા ભટકાવી શરીરે જમણા હાથે કાંડાના ભાગે તથા જમણા પગે પોંચાના ભાગે તથા ડાબા હાથે કોણીથી કાંડાની વચ્ચેના ભાગે તથા પાંસણીના ભાગે મુંઢ ઈજા કરી તેમજ માથાના ભાગે ચાર ટાંકા આવે તેવી ઈજા પહોંચાડી વૃધ્ધનો એક કી–પેઈડ વાળો જુનો મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫૦૦ તથા એક હાથ બેટરી લીલા કલરની જેની કિમત રૂપિયા ૧૦૦ મળી કિ.રૂા.૬૦૦ ની લુંટ કરી, નાસી ગયાની ફરિયાદ નોંધાય છે.

## કાચરડી ખાતે સેવા સેતુ કાર્યક્રમમાં અરજદારોની ૭૯૨ અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ

અમરેલી તા. ૬

સેવા સેતુ કાર્યક્રમ એ પ્રજાજનોના પ્રશ્નોને સ્થળ પર ઉકેલ લાવવાનું અસરકારક માધ્યમ છે. અરજદારોની અરજીઓનો સ્થળ પર હકારાત્મક નિકાલ થાય તે ઉદ્દેશ્ય સાથે જિલ્લાના લાઠી તાલુકાના કાચરડી ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. સેવા સેતુ કાર્યક્રમમાં, આવકનો દાખલો, ડીવમીંગ, મિલકતની આકારણીનો ઉતારો, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, મેડીસીન સારવાર, જન્મ–મરણ પ્રમાણપત્ર, હેલ્થવેલનેસ કાર્ડ, આધારકાર્ડ, પશુઓની ગાયનેકોલોજીકલ સારવાર, રાશનકાર્ડમાં નામમાં સુધારો, પી.એમ.જે. અરજી, લગ્નની નોંધણીનું પ્રમાણપત્ર, રાશનકાર્ડમાં નામ દાખલ કરવું, કસ્તુરબા પોષણ સહાય યોજના અને રાશન કાર્ડમા નામ કમી કરવા સહિતની બાબતો અન્વયે અરજીઓનો ૧૦૦ ટકા નિકાલ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં રાજય સરકારની વિવિધ૧૫ સેવાઓ માટે મળેલી ૭૯૨ અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. રાજય સરકારના સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. લાઠી તાલુકાના કાચરડી ખાતે આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં ૭૯૨ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. સરકારના સેવા સેતુ કાર્યક્રમ થકી સરકારી સેવાઓનો લાભ અરજદારોને ત્વરાએ મળી રહ્યો છે.


## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ રતનબેન તાહેરભાઈ હીરાણી, રહે.સરસીયા તાલુકો–ધારી, જીલ્લો–અમરેલીની મિલ્કત અંગે લાગતા– વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરીએ છીએ કે ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના ધારી તાલુકાના ગામ મોજે ધારી ગામની સીમના સર્વેનંબર ૫૧૬ પૈકી ની રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ જમીન માહે આવેલ ના પ્લોટ નં. ૨૦ ની જમીન ચો.મીટર ૯૦–૮૭ ની મિલ્કતના માલીક શારદાબેન રમણીકભાઈ પંડયા, રહે.શિવનગર, ધારી પાસેથી અમારા અસીલ શ્રી રતનબેન તાહેરભાઈ હીરાણી, રહે. સરસીયા તાલુકો–ધારી, જીલ્લો–અમરેલીએ વેચાણ રાખવા નકકી કરેલ છે. આ સર્વેનંબર ૫૧૬ ની જમીનના માલીક મનસુખલાલ પરશોતમભાઈ હતા આ જમીન કૌટુબિક વહેચણીથી નવીનચંદ્ર મનસુખલાલ, કિશોરકુમાર મનસુખલાલ, હિતેષકુમાર મનસુખલાલ ના માલીકી હકકે આવેલ. તે માલીકો પૈકી કિશોરકુમાર મનસુખલાલ શેઠ પોતે જાતે તથા નવીનદ્ર મનસુખલાલ શેઠ પોતે જાતે અને હિતેશકુમાર મનસુખલાલ શેઠના કુલમુખત્યાર તરીકે એ વેચાણલેખ નં.૮૦૧ તા.૨૨/૧૧/૯૯ થી પરશોતમભાઈ ગોરધનભાઈ ઠુમ્મર ને આ મિલ્કત વેચાણ આપેલ છે. સદરહુ વેચાણલેખમા ક્ષેત્રફળમા શરતચુક થયેલ હોય જે અંગેનો શરતચુકનો લેખ પક્ષકારો વચ્ચે તા.૨૩/૫/૨૦૦૧ ના લેખ નં.૨૬૫ થી કરવામા આવેલ છે, જે મુજબ આ મિલ્કતનુ ક્ષેત્રફળ ચો.મી.૯૦–૮૭ થાય છે. શ્રી પરશોતમભાઈ ગોરધનભાઈ ઠુમ્મર પાસેથી આ મિલ્કત વેચાણલેખ નં.૧૬૦૪ તા.૧૯/૧૦/૨૦૧૦ જેનો નવો નં.૧૪૫૭ તા.૪/૧૨/૨૦૧૫ થી શારદાબેન રમણીકલાલ પંડયાએ વેચાણ રાખેલ છે. તેઓ પાસેથી આ મિલ્કત અમારા અસીલ રતનબેન તાહેરભાઈ હીરાણીએ વેચાણ રાખવા નકકી કરતા જે અંગેનો તા. ૩૦–૧૦–૨૦૨૩ ના નોટરાઈઝડ રહેણાંકની સ્થવાર મિલ્કતનો વેચાણ કરાર કરેલ છે. સદરહુ મિલ્કત સબંધે અમારા અમારા અસીલ દ્રારા અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરવામા આવેલ હોય જેથી સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૭/૧/૨૦૨૪

Pandya Advocates

કૌશલભાઈ બી. પંડયા
એડવોકેટ
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા,
અમરેલી


પાના ૮ ઉપરનું ચાલું

## ધારીમાં ગેસ્ટ હાઉસ

તથા એ.ટી.એસ. ચાર્ટર લગત ધારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.તે દરમિયાન ધારી વિસ્તારમાં આવેલ હોટલ સોની વિલા તથા પ્રિયા ગેસ્ટ ચેક કરતા પથિક સોફટવેર એપ્લીકેશનમાં ગ્રાહકોની એન્ટ્રી કરેલ ન હોય હોટલ સોની વિલા મેનેજર દેવરાજભાઈ મગનભાઈ હડેત્રા તથા પ્રિયા ગેસ્ટનાં મેનેજર અનીલકુમાર મણીલાલ જસાણી સહિત બન્ને ઈસમો વિરૂધ્ધ જાહેરનામાનો ભંગ કરેલ હોય, આઈપીસી કલમ ૧૮૮ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે ધારી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૫૮ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૬૦ | ૭૬૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૯૦ | ૧૪૮૯ |
| ૨ | મગફળી | ૧૧૮૩ | ૧૩૩૭ |
| ૩ | તલ કાળા | ૨૬૬૦ | ૩૧૩૦ |
| ૪ | ચણા | ૯૧૦ | ૯૯૦ |
| ૫ | ઘઉં | ૪૮૧ | ૫૨૯ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૧ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૯૩૦ | ૧૩૪૦ |
| ૩ | ઘઉં | ૫૦૦ | ૫૪૫ |
| ૪ | ચણા | ૯૦૫ | ૧૦૫૫ |
| ૫ | તુવેર | ૧૩૦૧ | ૧૬૭૫ |
| ૬ | ધાણા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૭ | અડદ | ૧૪૭૫ | ૧૪૭૫ |
| ૮ | મગ | ૯૨૫ | ૧૪૦૦ |
| ૯ | સોયાબીન | ૮૭૦ | ૮૭૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૨૨ |
| ૨ | મગફળી | ૧૨૦૧ | ૧૩૪૯ |
| ૩ | ચણા | ૧૦૫૨ | ૧૦૫૨ |
| ૪ | જુવાર પીળી | ૬૦૦ | ૬૦૦ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ૬ | બાજરો | ૪૨૫ | ૪૨૫ |
| ૭ | ઘઉં | ૫૫૪ | ૫૫૪ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૨૫ | ૧૩૯૦ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૦ | ૨૯૦૦ |
| ૩ | તલ પીળા | ૩૭૭૭ | ૩૮૩૬ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૩૫ |
| ૫ | બાજરો | ૪૫૦ | ૫૦૬ |
| ૬ | બાજરો દેશી | ૯૫૫ | ૧૧૫૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૫૧ |
| ૮ | જુવાર | ૬૦૦ | ૧૨૫૦ |
| ૯ | મગ | ૧૮૦૦ | ૨૬૦૦ |
| ૧૦ | ચોળી | ૮૭૧ | ૭૮૧ |
| ૧૧ | અડદ | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૧૨ | તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૩ | ચણા | ૯૭૨ | ૧૧૧૪ |
| ૧૪ | સોયાબીન | ૬૫૦ | ૮૪૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૯૦ |
| ૨ | ચણા | ૬૫૨ | ૧૦૨૧ |
| ૩ | મગ | ૧૧૪૫ | ૧૫૩૦ |
| ૪ | ધાણા | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૫ | તલ સફેદ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૯૮ | ૫૬૯ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૩ | ૫૮૪ |
| ૮ | સોયાબીન | ૮૦૫ | ૮૮૦ |
| ૯ | મગફળી | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૧૦ | અડદ | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ૧૧ | જુવાર | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૧૨ | તુવેર | ૧૫૦૪ | ૧૫૧૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૭૫ | ૧૨૯૮ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૩૦ |
| ૩ | શિંગદાણા | ૧૩૭૦ | ૧૫૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૪૩૦ | ૩૧૧૫ |
| ૫ | તલ કાળા | ૨૩૨૫ | ૩૨૯૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૮૭૫ | ૩૯૪૦ |
| ૭ | બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૨ | ૬૩૧ |
| ૯ | ઘઉં લોકવન | ૫૩૦ | ૫૯૨ |
| ૧૦ | મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| ૧૧ | અડદ | ૧૫૫૦ | ૧૭૪૦ |
| ૧૨ | ચણા | ૭૫૦ | ૧૦૫૯ |
| ૧૩ | તુવેર | ૧૪૭૦ | ૧૮૩૭ |
| ૧૪ | કપાસ | ૯૯૦ | ૧૪૪૨ |
| ૧૫ | એરંડા | ૯૦૦ | ૧૧૧૧ |
| ૧૬ | રાય | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ૧૭ | ધાણા | ૯૯૯ | ૧૩૪૫ |
| ૧૮ | સોયાબીન | ૮૪૨ | ૯૦૧ |
| ૧૯ | મરચા લાંબા | ૧૦૧૦ | ૩૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૩૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૧૧ | ૧૪૪૧ |
| ૩ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૧૨૧ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૧૩૦ |
| ૫ | જીરૂ | – | ૫૭૫૦ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૪૬૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૭૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૬ |
| ૯ | બાજરો | ૩૮૦ | ૪૯૪ |
| ૧૦ | જુવાર | ૫૫૦ | ૯૩૩ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૫૫૬ |
| ૧૨ | અડદ | ૧૫૦૩ | – |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૦૭૫ |
| ૧૪ | સોયાબીન | ૮૧૦ | ૯૦૭ |
| ૧૫ | તુવેર | ૧૫૩૦ | ૧૯૨૭ |
| ૧૬ | એરંડી | – | ૧૦૫૦ |
| ૧૭ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૮ | રાય/રાયડો | – | ૧૨૮૦ |
| ૧૯ | મેથી | – | ૧૧૦૦ |

# ચલાલા : ગાયત્રી પરિવાર સંચાલિત સાયન્સ સેન્ટરને એપ્રીએશન એવોર્ડ એનાયત








ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત અબ્દુલ કલામ યંગ વુમન સાયન્સ સેન્ટર અને ગાયત્રી સંસ્કાર વિદ્યાલયને અમદાવાદ સાયન્સ સીટી ખાતે મેથ્સ કાર્નિવલમાં શ્રેષ્ઠ સંસ્થાનો એપ્રીશેશન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. જેમાં સાયન્સ સીટીનાં જનરલ મેનેજર દિલ્હીથી બેન તથા રામાનુજન મેથ્સ કલબનાં ડાયરેકટર ચંદ્રમૌલી જોષી તેમજ સમગ્ર ગુજરાતમાંથી વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આ એવોર્ડ સંસ્થાનાં ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા વિશાલભાઈ જોષીને મળ્યો હતો. સાથે બાળકોએ સુંદર મેથ્સની કૃતિઓ રજૂ કરી ચલાલા તેમજ આ વિસ્તારનું ગૌરવ વધાર્યું હતું. સંસ્થાનાં વડા પૂ. રતિદાદાએ આ એવોર્ડ મળતા લાગણી અનુભવી હતી અને આશીર્વાદ પાઠવ્યાં હતાં.

### દર્દી નારાયણની વિનામુલ્યે સેવા કરતી

# ટીંબીની સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલમાં પૂ. મોરારિબાપુએ પધરામણી કરી

## પૂ. બાપુએ રૂપિયા ૧૦ લાખનાં અનુદાનની જાહેરાત કરી

ટીંબી, તા. ૬

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ–ટીંબી(જી. ભાવનગર)માં તા. ૫/૧/૨૦૨૪નાં રોજ આંતરરાષ્ટ્રીય સંત એવા પરમવંદનિય પુ.શ્રી મોરારીબાપુએ પધરામણી કરી હતી. પૂજય બાપુનું હોસ્પિટલનાં સ્થાનિક ટ્રસ્ટીઓ દ્વારા પુષ્પહાર અને પુષ્પગુચ્છથી સ્વાગત, સન્માન કરી આશિર્વાદ પ્રાપ્ત કર્યા હતા. પૂજય બાપુએ હોસ્પિટલ અંગેની વિસ્તૃત માહિતી મેળવી રાજીપો વ્યકત કર્યો હતો. પૂજયપાદ સદગુરૂદેવ શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજની પ્રેરણા, અનુકંપા તેમજ આશિર્વાદથી ચાલતા તદ્દન નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યની ખુબ જ પ્રશંસા વ્યકત કરી હોસ્પિટલ ટ્રસ્ટીમંડળ, ઉદારદિલ દાતાઓ, શુભેચ્છકો, ડોકટરો અને સમગ્ર હોસ્પિટલ સ્ટાફ પરિવારને આશિર્વચન પાઠવ્યા હતા. ત્યારબાદ હોસ્પિટલમાં



દાખલ દર્દીઓને રૂબરૂ મળીને ખબર અંતર પૂછયા હતાં. પૂ. બાપુએ હોસ્પિટલને સહાયરૂપ થવાનાં શુભાશયથી રૂપિયા ૧૦(દસ) લાખ પુરાનું અનુદાન આપવાની જાહેરાત કરેલ છે.

### ચિરાગ માલવીયાનાં જન્મદિને

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમને રૂા. ૫૫૫૫નું અનુદાન

## અમરડેરીનાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૬

સેવાને સરનામે ઉમળકા સાથે અમર ડેરીનાં અધિકારી ચિરાગભાઈ ગંગદાસભાઈ માલવિયાના જન્મ દિવસ નિમિત્તે શુભેચ્છા ભેટ પેટે અનુદાન સારહી યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમનાં ભગીરથ નિર્માણ કાર્ય માટે તુલસીપત્ર રૂપે ફૂલ નહીં તો ફૂલ ની પાંખડી સ્વરૂપે ૫,૫૫૫/– રૂપિયા નું અનુદાન તા. ૦૬/૦૧/૨૦૨૪ નાં રોજ આપેલ સાથો સાથ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમનાં સ્વપ્નદ્રષ્ટા – પ્રેરણા સ્ત્રોત પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી આ તકે સારહી પરિવાર વતી સારહી પરિવારનાં પદાધિકારી અમર ડેરીનાં જનરલ મેનેજર ધાર્મિકભાઈ રામાણી, અમિતભાઈ ગોસ્વામી સહિતના ઉપસ્થિત રહેલ સારહી પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ. તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

### ઈનર વ્હીલ કલબ અને મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનાં ઉપક્રમે

# અમરેલી ખાતે ગીતા જયંતી નિમિતે શ્રીમદ્ ભગવદ ગીતા ઉપર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

## ''ઘરે ઘરે ગીતા મૃત'' પુસ્તક ભેટ સ્વરૂપે અર્પણ કરાયું

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ અમરેલી તથા ઈનર વ્હિલ કલબ ઓફ અમરેલી, ગીરનાં સંયુકત ઉપક્રમે ''ગીતા જયંતિ''ના પાવનપર્વ નિમિતે તજજ્ઞોનાં વ્યાખ્યાન, વકતૃત્વ સ્પર્ધા તથા ''ઘરે ઘરે ગીતામૃત'' નામની ગુણવંત શાહની ખુબ પ્રશંસનીય પુસ્તિકા ભેટ સ્વરૂપે વર્ષાબેન પરીખ દ્વારા આપવામાં આવી હતી.

પ્રારંભે સર્વધર્મ મંગલ પ્રાર્થના બાદ, આમંત્રિત મહેમાનોનાં વરદ હસ્તે દિપ પ્રાગટય કરી, કોલેજનાં ઈન્ચાર્જ પ્રિ.ડો.બી.આર. ચુડાસમા દ્વારા આમંત્રિત સૌનું શબ્દો દ્વારા ભાવભર્યુ સ્વાગત કરી, ઈનર વ્હિલ કલબનાં સૌ હોદેદારો, નિર્ણાયકઓનો આભારા વ્યકત કરી, શ્રીમદ ભગવદગીતાની વર્તમાન ઉપાદેયતા વિશે અસરકાર શૈલીમાં પ્રેરણાદાયી વિચારો રજુ કર્યા હતા.

ત્યારબાદ કલબનાં પ્રેસિડન્ટ નયનાબેન આચાર્ય, વાઈસ પ્રેસિડન્ટ મીલીબેન ઠાકર, પુર્વ પ્રેસિડન્ટ નેહાબેન ધોળકિયા, સેક્રેટરી જાનકીબેન અટારા, ટ્રેઝરર મીનાબેન ત્રિવેદી, પ્રોજેકટ કો–ઓર્ડિનેટર વર્ષાબેન આર. પરીખ, દીપાલીબેન ઝીઝુવાડિયા, સુરેશભાઈ ત્રિવેદી વગેરે




ખુબ જહેમત પુર્વક કાર્યક્રમનું આયોજન કર્યુ હતું.

માનવ જીવનનો પ્રેરક ગ્રન્થ ગીતા, જ્ઞાનયોગ, કર્મયોગ અને ભકિતયોગનો ત્રિવેણી સંગમ એટલે ગીતા તથા ગીતામૃત – યુવાનોનાં સંદર્ભમાં એ વિષયો ઉપર વિદ્યાર્થીનીઓની વકતૃત્વ સ્પર્ધા આયોજીત થઈ હતી. જેમાં પ્રમથ ક્રમે જોષી હેમાદ્રી (એસ.વાય.બી.એ.) દ્વિતીય નંબરે સરપદડિયા રાધિકા (એફ.વાય.બી.એ.) તથા તૃતીય ક્રમે ડાભી ભૂમિકા (ટી.વાય.બી.એ.) જિવેતા થયાં હતાાં. તમામ વિજેતાઓને પ્રમાણપત્ર, અસરકારક રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

નિર્ણાયક તરીકે અજમેરા સ્કુલનાં શિક્ષક કવિ, વિવેચક કેતનભાઈ જોષી તથા જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલનાં શિક્ષિકા ડો. જસ્મિનાબેન ખંધેડીયાએ પ્રશંસનીય સેવા આપી હતી.

કાર્યક્રમનું સફળ સંચાલના ડો.વિલાસબેન સોરઠીયા દ્વારા કરવામાં આવ્યું હતું. વર્ષાબેન પરીખે સૌનો આભાર વ્યકત કર્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા ડો.ગિરીશભાઈ વેલિયત વગેરે તમામ સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી.

# અમરેલી નૂતન કોમર્સ કોલેજ એસ.વાય.બી. કોમનું ઉજજવળ પરિણામ







અમરેલી, તા. ૬

અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત નૂતન કોમર્સ કોલેજનાં એસ.વાય.બી.કોમ. સેમેસ્ટર–૩ માં કોલેજ પ્રથમ ત્રણ આવનાર વિદ્યાર્થીઓ (૧) દેવકુબેન મધુભાઈ ભેડા ૭૧.૧૪% (૨) માહીન અંજુમભાઈ તાજાણી ૬૯.૨૮% (૩) હિરલબેન દિનેશભાઈ જાદવ ૬૯.૧૪% તથા બી.કોમ સેમેસ્ટર–૩માં ઉતીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને કોલેજ સ્ટાફ તથા અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટી ગણના ખુબ ખુબ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનની શિક્ષણમંત્રીએ પ્રેરક મુલાકાત લીધી



અમરેલી, તા. ૬

ગુજરાતનાં શિક્ષણમંત્રી કુબેરભાઈ ડિંડોરએ અમરેલીનાં જાણીતા શ્રીજી વિદ્યાર્થી ભુવનની પ્રેરક મુલાકાતે આવ્યા હતા.

આ સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓ અને શાળા પરિસરનું શૈક્ષણિક વાતાવરણ જોઈને હદયથી પ્રસન્નતા વ્યકત કરી હતી. સંસ્થાનાં બાળકો સાથે ખૂબ જ રસપૂર્વક વાતો કરી હતી.

આ પ્રસંગે સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયાએ તેનું સન્માન કરી સંસ્થાના જ વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ હસ્ત લેખીત અંક પણ ભેટ આપેલ હતોફ જે જોઈને મંત્રીશ્રીએ ખૂબ જ પ્રસન્નતા વ્યકત કરી હતી.

શિયાળાની ઋતુમાં રાત્રીના ૧૧ કલાકે પણ ખૂબ જ ચીવટથી સંસ્થાની ગતિવિધિ અને સુવિધાઓ જોઈને અભિનંદન આપેલ હતાં.

### આજે સાંજે બાળ હનુમાનજી મંદિર ખાતે

# અમરેલી ખાતે અનાજ કરીયાણા રીટેઈલ મરચન્ટ એસોસીએશનની વાર્ષિક બેઠક યોજાશે

## આમંત્રિતોને ઉપસ્થિત રહેવા અનુરોધ થયો

અમરેલી, તા. ૬

અમરેલી અનાજ કરીયાણા રીટેઈલ મરચન્ટ એસોસીએશન ધ્વારા આવતીકાલ રવિવારે સાંજે ૬ કલાકે બાળ હનુમાનજી મંદિરે થાળ પ્રસાદ સાથે વાર્ષિક બેઠકનું આયોજન કરવામાં આવેલ છે.

આ બેઠકમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રિતોને પ્રમુખ ચતુરભાઈ અકબરી, ઉપપ્રમુખ ગીરીશભાઈ ભટ્ટ, બાબુભાઈ કાબરીયા, મહામંત્રી હરેશ સાદરાણી, મંત્રી લાલભાઈ વણઝારા સહિતનાં હોદેદારોએ ઉપસ્થિત રહેવા અનુરોધ કરેલ છે.

# અમરેલી જિલ્લા પંચાયત હસ્તકની શાળામાં શૈક્ષણિક ગુણવત્તા સુધારણા કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૬

અમરેલી જિલ્લા પંચાયત દ્વારા શૈક્ષણિક ગુણવતા સુધારણા કાર્યક્રમ અંતર્ગત પહેલ હાથ ધરવામાં આવી છે. જિલ્લાના વિદ્યાર્થીઓને ગણિત અને અંગ્રેજી વિષયોને વધુ સારી રીતે શીખી અને સમજી શકે, તેમની તાર્કિક–વૈચારિક ક્ષમતાઓ વિકસે તે માટે જિલ્લાના અગિયાર તાલુકાઓમાંથી પાંચ એમ જિલ્લાની ૫૫ પ્રાથમિક શાળાઓને આવરી લેવામાં આવી છે.

અમરેલી જિલ્લા વિકાસ અધિકારીની પ્રેરણાથી આ શાળાઓમાં અમેરિકન ઈન્ડિયન ફાઉન્ડેશન પણ કાર્યરત રહેશે. અમરેલી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા દત્તક લેવામાં આવેલી ૫૫ શાળાઓમાં તાલુકાવાર પાંચ એમ પંચાવન શાળાઓની પસંદગી કરવામાં આવી છે.

અમરેલી તાલુકાની કેરિયાનાગસ, ઈશ્વરિયા, વાંકિયા, જાળીયા, નાના માચીયાળા, બાબરા તાલુકાની લોન કોટડા, વાવડી, મીયા ખીજડીયા, જામ બરવાળા, સિરવાણિયા, બગસરા તાલુકાની બાલાપુર, હામાપુર, ડેરી પીપરિયા, શિલાણા, મોટા મુંજીયાસર, ધારી તાલુકાની દામાણી વિદ્યામંદિર, હરિપરા, કનેર, ઝર, નાગધ્રા, જાફરાબાદ તાલુકાની મોટા લોઠપુર, નાગેશ્રી (કન્યા) પ્રાથમિક શાળા, કડિયાળી, લાપાળિયા, વાલીબાઈ કન્યા પ્રાથમિક શાળા–ટીંબી, ખાંભા તાલુકાની કન્યા શાળા, લાસા, મુંજીયાસર, વાંગધ્રા, બોરાળા, કુંકાવાવ–વડીયા તાલુકાના પે સેન્ટર શાળા નં.૨, તાલાળી, લુણીધાર, ખડખડ, ઢુંઢીયા, લાઠી તાલુકાની લાઠી તાલુકા શાળા, કન્યા શાળા–લાઠી, અકાળા, દહીંથરા, ઠાંસા, લીલીયા તાલુકાની આંબા, સલડી, ભોરીંગડા, હાથીગઢ, જાત્રોડા, રાજુલા તાલુકાની કન્યા શાળા–૨, સરસ્વતી વિદ્યા મંદિર, વડનગર–૨, કોટડી, જૂની બારપટોળી, સાવરકુંડલા તાલુકાની પીઠવડી પે સેન્ટર શાળા, કરજાળા, લીખાળા, ઓળિયા, મોટા ભમોદરાનો શૈક્ષણિક ગુણવતા સુધારણા કાર્યક્રમ અંતર્ગત સમાવિષ્ટ છે.ઉલ્લેખનીય છે કે, વિદ્યાર્થીઓમાં ગણિત અને અંગ્રેજી વિષયોને વધુ સારી રીતે શીખી અને સમજી શકે, તેમને આ વિષય પર પોતાની ક્ષમતાઓને પાર વિષય પરની પકડ મેળવવામાં સહાયરૂપ થવું, તેમની તાર્કિક–વૈચારિક ક્ષમતાઓ વિકસે તે માટે શાળામાં તે રીતનું વિશાળફલક મળી રહે તે આવશ્યક હોય શિક્ષકોને તેમની શૈક્ષણિક પ્રવૃત્તિઓને વધુ ઉત્કૃષ્ટ બનાવવા અને તેમને પ્રોત્સાહિત કરી પ્રેરણા પૂરી પાડવામાં આવી.

આ શૈક્ષણિક ગુણવતા સુધારણા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓએ અભ્યાસ કર્યો હોય તે અંગેનું નિરિક્ષણ જિલ્લા સ્તરેથી કરવામાં આવી રહ્યું છે. મહત્વનું છે કે, આ શાળાઓમાં સ્માર્ટ કલાસ પણ શરૂ થયા. વધુમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરવા માટેનું વાતાવરણ શાળા કક્ષાએ મળી રહે તે માટેના વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે, તેમ અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

# રાજુલા ગાયત્રી શકિતપીઠ ખાતે યુગ સાહિત્ય પુસ્તક મેળાનું આયોજન



રાજુલા, તા. ૬

રાજુલા શહેરમાં રાજુલા ગાયત્રી શકિતપીઠ દ્વારા આયોજિત શ્રી ગાયત્રી જ્ઞાનમંદિર ટ્રસ્ટ અમરેલીના સહયોગથી યુગ સાહિત્યનો પુસ્તક મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળો તારીખ ૯–૧૦/૧/૨૦૨૪ મંગળવાર અને બુધવાર બે દિવસ ભવ્ય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવેલ છે સાથે સાથે આ કાર્યક્રમમાં તારીખ ૯/૧/૨૦૨૪ ના સાંજે ૬.૦૦ કલાકથી વિરાટ દીપ યજ્ઞ તેમજ તારીખ ૧૦/૧/૨૦૨૪ ના રોજ સવારે આઠ કલાકથી વિવિધ સંસ્કારો અમરેલીથી પધારેલ પરિજનો દ્વારા સંપન્ન થશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન રાજુલા ગાયત્રી શકિતપીઠ દ્વારા કરવામાં આવેલ છે ત્યારે આ પ્રસંગે રાજુલા શહેરમાંથી અનેક મહાનુભાવોના હસ્તે તારીખ ૯/૧/૨૦૨૪ ના સવારે ૯:૦૦ કલાકે મંગલદીપ પ્રાગટ્ય કરી આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવશે ત્યારે અત્રે આ પુસ્તક મેળામાં તમામ પુસ્તકો ૫૦% કિંમતે એટલે કે અડધા ભાવે વેચવામાં આવશે ત્યારે આ પુસ્તક મેળામાં રાજુલા શહેરના નગરજનોને લાભ લેવા રાજુલા ગાયત્રી શકિપીઠ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે ઉપરોકત પુસ્તક મેળામા ૩૩૦૦ જેટલા નાના મોટા પુસ્તકોનો સમાવેશ કરવામાં આવેલ છે.

હરિદ્વાર જેમણે યોગ પરિવર્તન યોજના મિશન ઉપાડયો હતો તે વેદમુર્તિ પંડિત રામ શર્મા આચાર્યએ પોતે લખેલા અનેક પુસ્તકો કે જે જીવનમાં ખૂબ જ કામ લાગે તેવા પુસ્તકો લખેલા છે તેમજ તેમણે ભારત દેશ નહીં પણ વિદેશમાં પણ જેમણે વિચાર ક્રાંતિ અભિયાન ચલાવ્યું અને તે સફળ થયો છે અત્યારે કરોડો લોકો ભાઈ બહેનો બાળકો આ વિચાર ક્રાંતિ અભિયાનમાં જોડાયા છે અને હરિદ્વારમાં શાંતિકુંજ નામની ભવ્ય સંસ્થા ચાલી રહી છે તેમણે વર્ષો પહેલાં કહેલું હતું કે ૨૧મી સદી ઉજજવળ ભવિષ્ય છે જે અત્યારે સફળ થયું જોવા મળે છે.

# ક્રાંકચ ખાતે તાલુકા કક્ષાની પશુપાલન શિબિર ધારાસભ્ય કસવાલાના અધ્યક્ષ સ્થાને યોજાઈ

લીલીયા મોટા, તા.૬

આજ રોજ તા. ૦૬/૦૧/૨૦૨૪ ના પશુ દવાખાના લીલીયા અને પશુપાલન શાખા અમરેલી દ્વારા તાલુકા કક્ષા પશુપાલન શિબિરનું આયોજન લીલીયા તાલુકાના ક્રાંકચ ગામે થયેલ જેમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અમરેલી જિલ્લા પશુપાલન સમિતિ ચેરમેન લાલજીભાઈ મોર, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા,તાલુકા પંચાયત પ્રમુખ ગીતાબેન કાનજીભાઈ નાકરાણી, લીલીયા તાલુકાના સરપંચો, તેમજ ડો.એસ.બી.કુનડીયા નાયબ પશુપાલન નિયામક અમરેલી, ડો. એન. બી. પડિયા પશુચિકિત્સા અધિકારી લીલીયા, ડો. દેસાઈ ના.૫.ની ઘ. ૫.સુ.યો અમરેલી, ડો.કામદાર, ડો.માલવિયા, તેમજ અન્ય તજજ્ઞો હાજર રહેલ.



આ શિબિરમાં નફાકારક પશુપાલન તેમજ પશુપાલન થકી આર્થિક રીતે સદ્ધર બનવા માટે અલગ અલગ વિષયો પર તજજ્ઞો દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું જેમાં કૃત્રિમ બીજદાન દ્વારા ઓલાદ સુધારણા,પશુ ખરીદી, સરકારની વિવિધ યોજનાઓ,પશુ આહાર માવજત સંબંધી માર્ગદર્શન આપવામાં આવ્યું. હતું સમગ્ર શિબિરનું સંચાલન ડો.એન.બી.પડિયા પશુચિકિત્સા અધિકારી લીલીયા તેમજ પશુપાલન ટીમ લીલીયા દ્વારા કરવામાં આવેલ તેમ ઈમરાનપઠાણની અખબારી યાદીમાં જણાવેલ.

# અમરેલી યુનિટી હાઈસ્કૂલના બાળકોને ત્રિદિવસીય શિબિરમાં પ્રાકૃતિક સંરક્ષણને લઈ જાગૃત કરાયા

અમરેલી, તા.૬

ધારી તુલસીશ્યામ રેન્જમાં આવેલ ચિખલ ગામ નજીક રાવલ નદીના કાંઠે ધારી વન પ્રવાસન રેન્જ દ્વારા બાળકોને વન સંરક્ષણને લઈને માહિની મળી રહે માટે સુંદર મજાનું શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં અમરેલીની યુનિટી હાઈસ્કૂલના બાળકોએ ત્રિદિવસીય ચિખલકલા પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો.

આ શિબિરમાં બાળકોને પ્રકૃતિ અને પર્યાવરણ સંરક્ષણ તેમજ વન્ય પ્રાણીઓના સંરક્ષણ સહિત વિવિધ પ્રાકૃતિક બાબતોએ માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથો સાથ યુનિટી હાઈસ્કૂલના બાળકોએ શિબિર દરમ્યાન વૃક્ષ દેવતા અને વન્ય પ્રાણીઓની સુરક્ષા આપણી નૈતિક ફરજ છે તે અંગે વકતવ્યો રજુ કરેલ હતો. શાળાના મ.શિ.એન.સી. ગોસ્વામી ત્રિદિવસીય શિબિરમાં હાજર રહેલ હતા. શિબિર દરમ્યાન બાળકોમાં ખુબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો. મોડી રાત્રિના વન્ય પશુ પક્ષીના ભયજનક અવાજ સાથે વનરાત્રીની ભીષણતાને માણી હતી. શિબિરમાં બાળકો માટે ધારી વન પ્રવાસન દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. વન વિભાગના ડી.સી.એફ. દ્વારા પર્યાવરણ અને પ્રકૃતિવનનોની સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવેલ.

શાળાના આચાર્ય બી.ડી. મહેતાની દેખરેખ નીચે ઉપરોકત શિબિરનું આયોજન કરવામાં આવેલ અને બાળકોને સફળતાપૂર્વક પ્રકૃતિ શિક્ષણ શિબિર પૂર્ણ કરવા બદલ આચાર્ય તેમજ ટ્રસ્ટીગણ દ્વારા ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી હતી.

### સવારનાં ૯ થી સાંજનાં ૫ સુધી પતંગ ચગાવવાનું ટાળો

# અમરેલી જિલ્લામાં ઉત્તરાયણ પર્વ સમયે પક્ષીઓ બચાવવા વન વિભાગ દ્વારા અનુરોધ

અમરેલી તા. ૬

ઉત્તરાયણ પર્વ સંપૂર્ણ આનંદ અને ઉલ્લાસથી ઉજવીએ, આ ઉજવણી સાથે આપણે સાથે મળીને કેટલીક નાની બાબતો ઉપર ધ્યાન આપીએ તો ઘણા પક્ષીઓનો જીવ બચી શકે છે. પક્ષીવિહારના સમયગાળાને ધ્યાને લઈ સવારે ૯ વાગ્યા પહેલા અને સાંજે ૫ વાગ્યા પછી નાગરિકોએ આ સમયગાળા દરમિયાન પતંગ ઉડાવવાનું ટાળવું. પતંગ ચગાવવા માટે કોઈપણ સંજોગોમાં ચાઈનીઝ તથા કાચની દોરીનો ઉપયોગ ન કરવો. કોઈપણ વ્યકિત જો ચાઈનીઝ દોરી વેચતો માલૂમ થાય તો પોલીસ અથવા વન વિભાગને જાણ કરવી જોઈએ. કોઈ પક્ષી ઘાયલ સ્થિતિમાં જોવા મળે તો ૧૯૬૨ નંબર પરથી 'કરૂણા એમ્બ્યુલન્સ' ને બોલાવવી અથવા તાત્કાલિક નજીકના પક્ષી સારવાર કેન્દ્રનો સંપર્ક કરવો. સારવાર કેન્દ્રોની વિગતો અને સંપર્ક નંબરો હાથવગા રાખવા. આ માટે હેલ્પલાઈન નંબર ૮૩૨૦૦૦૨૦૦૦ પર ''Karuna'' વોટ્સઅપ કરીને http://bit.ly/karunaabhiyan પર કિલક કરીને વધુ માહિતી મેળવી શકો છો. ઘાયલ થયેલા પક્ષીઓ મૃત્યુ પામે તેવી સ્થિતિનું સર્જન થાય તે પૂર્વે કાળજી રાખીએ. પક્ષીઓના જીવને બચાવવા માટે નાગરિકોને કરૂણા અભિયાન–૨૦૨૪માં સહભાગી થવા, અમરેલી સામાજિક વનીકરણ વિભાગ–નાયબ વન સંરક્ષકએ એક યાદીમાં અનુરોધ કર્યો છે.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# રાજુલામાં બસ સ્ટેન્ડ નજીક દુકાનમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ ઝડપાયુ

## એક ઈસમ વિરૂદ્ધ નિયમાનુસાર કાર્યવાહી

રાજુલા, તા. ૬

રાજુલા પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે. ગીડાની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા પોલીસ ટીમે રાજુલા બસસ્ટેશન પાસે આવેલ હોટલ લાઈન નીચે આવેલ દુકાનમાંથી MONO SKY લખેલ પ્રતિબંધિત ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક બનાવટની દોરીઓની ફિરકીઓ નંગ-૦૭ કિ.રૂ.૨,૧૦૦/-ના મુદામાલ સાથે ફૈઝાનખાન પઠાણને પકડી પાડી તેમના વિરૂધ્ધમાં રાજુલા પો.સ્ટે.માં



ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

રાજુલા પો.સ્ટેના પોલીસ ઈન્સ્પેકટરની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોર્ડ ઈન્ચાર્જ અના.એએસઆઈ જયરાજભાઈ જેતુભાઈ વાળા તથા હેડ કોન્સ.જ યેન્દ્રભાઈ સુરગભાઈ બસીયા તથા હેડ કોન્સ. હરપાલસિંહ વિક્રમસિંહ ગોહિલ તથા હેડ કોન્સ.સંજયભાઈ કનુભાઈ ઘાંઘળ તથા પો.કોન્સ મહેશભાઈ ગણેશભાઈ બારૈયા દ્વારા કરવામાં આવેલ છે.

### એસપીની સુચનાથી એસઓજીની કામગીરી

# ધારીમાં ગેસ્ટ હાઉસ પથિક એપ્લીકેશનમાં એન્ટ્રી ન કરતાં મેનેજર વિરૂધ્ધ કાર્યવાહી

## જાહેરનામાનાં ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવી

અમરેલી, તા. ૬

એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર આર.ડી.ચૌધરી તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી.ભટ્ટ તથા એસ.ઓ.જી.ટીમ

**અનુસંધાન પાના ૬ ઉપર**

# નવા રૂટ શરૂ કરવાની જરૂરિયાત દામનગરનાં બસ સ્ટેન્ડમાં મુસાફર વર્ગનાં હિતમાં રેલીંગ સહિતની સુવિધા વધારો

## ધારાસભ્યએ રૂબરૂ મુલાકાત લેવી જરૂરી બની



દામનગર, તા. ૬

દામનગર શહેરને વર્ષો બાદ નવું બસ સ્ટેન્ડ મળ્યું છે. સરકારનાં ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમ (જી.એસ.આર.ટી.સી) દ્વારા દામનગરમાં આજ સુધી લાંબા અંતરની બસ ફાળવવામાં આવી નથી, જે વસ્તી અને ટ્રાફિકની દ્રષ્ટિએ અન્યાય કહેવામાં ખોટું નહિ..!! દામનગરમાં વિવાદ બાદ અંદાજે રૂા. ૯૦ લાખનાં ખર્ચે નવું બસ સ્ટેન્ડ તો બનાવવામાં આવ્યું છે.

એમ ખાટલે મોટી ખોટ કહી શકાય કે પહેલા ચાલતી સારી આવક વાળા રૂટની બસો બંધ કરી દીધી છે. આ બસ સ્ટેન્ડમાં દરવાજેથી અંદર બનાવવામાં આવેલ આર.સી.સી. રોડ ફરતે એટલે કે બસ સ્ટેન્ડનો ભાગ ઉંચાઈ ઉપર હોય બાકીનો ભાગ નીચે હોય ફરતે રેલીંગ ફીટ કરવાની ખાસ જરૂર છે. જેનાથી બસ અને કોઈ મુસાફર (બાળકો, સિનિયર સિટીઝન, વૃદ્ધો અને દીવ્યાંગો) અકસ્માતે નીચે પટકી ન શકે તે માટે ધારાસભ્ય, અમરેલી વિભાગનાં વિભાગીય નિયામક અને સંબંધિત તંત્રનાં અધિકારીઓ આ બાબતને સમજી સ્થળ નું નિરીક્ષણ કરી જરૂરિયાત મુજબ રેલીંગ ફીટ કરવા માટે યોગ્ય કાર્યવાહી કરે એવી માંગ સાથે લાગણી છે.

### સોહીલખાન મહેબુબખાન પઠાણ નામના

# સાવરકુંડલાના યુવકે પેટના દુઃખાવાની દવાને બદલે ભુલથી ઝેરી દવા પી લીધી

## ૩૧ વર્ષિય યુવકનું મોત થયાનું પોલીસમાં જાહેર

અમરેલી, તા. ૬

સાવરકુંડલા ગામે રહેતા સોહીલખાન મહેબુબખાન પઠાણ નામના ૩૧ વર્ષિય યુવકને અવાર-નવાર પેટમાં દુઃખવો થતો હોય જેની દવા લેતા હોય અને પેટમાં દુઃખાવાની દવાની જગ્યાએ ભુલથી ઝેરી દવાનો પાવડર પી જતા તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ફોર વ્હીલમાં નુકસાનનાં બ્હાનાતળે

# અમરેલીનાં શિવપાર્કમાં રહેતા પ્રશાંતભાઈ પાસેથી ૨ ઈસમોએ ૧૪.૨૯ લાખ બળજબ્બરીથી કઢાવી લીધા

## ૨ આરોપીઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી

અમરેલી, તા. ૬

અમરેલીનાં ગુરૂકૃપા સોસાયટીમાં રહેતા કરણભાઈ શેખવાએ તેની ફોર વ્હીલનાં નુકસાનનાં બ્હાને અમરેલીનાં ચિતલ રોડ, શિવપાર્ક સોસાયટીમાં રહેતા અને મુળ રહે. લોકી (તા. લીલીયા)ના વતની પ્રશાંતભાઈ અરવિંદભાઈ બામટા પાસેથી બળ જબ્બરીથી જુદી-જુદી રીતે તથા વ્યાજે કુલ રોકડા રૂા. ૯,૭૨,૦૦૦ તથા એક મોબાઈલ ફોન રૂા. ૪૬,૦૦૦ તથા એક બાઈક રૂા. ૧,૪૬,૦૦૦ મળી કુલ રૂા. ૧૧,૬૪,૦૦૦ તથા અમરેલીમાં પાઠક સ્કૂલની સામે રહેતા નિલેશભાઈ ઉર્ફે લાલો ખુમાણે પણ જુદી-જુદી રીતે ને ધમકીઓ આપી પ્રશાંતભાઈ અરવિંદભાઈ બામટા પાસેથી બળ જબ્બરીથી રૂા. ૨,૬૫,૦૦૦ કઢાવી લઈ તથા કરણભાઈ શેખવાએ પણ અવાર-નવાર ધમકીઓ આપી છરી વડે પ્રશાંતભાઈના ડાબા પડખે ઉઝરડો કરી હેરાન-પરેશાન કરી આ બન્નેએ પ્રશાંતભાઈ બામટા પાસેથી કુલ રૂા. ૧૪,૨૯,૦૦૦ બળજબ્બરીથી કઢાવી પ્રશાંતભાઈ બામટા ઉપર આશરે વિસેક લાખનું લેણું કરી આરોપીઓ પાસે વ્યાજે પૈસા આપવાનું લાયસન્સ ન હોવા છતાં ગેરકાયદેસર રીતે નાણાનું વ્યાજ લઈ બન્ને આરોપી સામે ફરિયાદ નોંધાઈ છે.















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)